પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૦૧-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઈરાન સાથે વેપાર કરનાર દેશ પર ૨૫ ટકા ટેરિફ : ટ્રમ્પ

## ઈરાનમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન ટ્રમ્પે કહ્યું - અમેરિકા કડક વિકલ્પો પર વિચાર  કરી રહ્યું છે

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ૨૫% ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોમવારે રાત્રે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે જે પણ દેશ ઈરાન સાથે વેપાર કરશે, તેના પર અમેરિકા સાથેના વેપારમાં ૨૫% ટેરિફ લગાવવામાં આવશે.



તેમણે જણાવ્યું કે આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ પડશે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી આ ટેરિફ અંગે સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી.આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ પ્રદર્શનોમાં લગભગ ૬૦૦ લોકો માર્યા ગયા છે.ઈરાન પર અમેરિકા પહેલાથી જ કડક આર્થિક પ્રતિબંધો લગાવી ચૂક્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન સાથે વેપાર કરનારા મુખ્ય દેશોમાં ચીન, સંયુક્ત અરબ અમીરાત અને ભારતનો સમાવેશ થાય છે. ટેરિફ લાગુ થવા પર આ દેશોના અમેરિકા સાથેના વેપાર પર અસર પડી શકે છે.ઈરાનમાં છેલ્લા ૧૭ દિવસથી સરકાર અને સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનેઈ વિરુદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ પ્રદર્શનો આર્થિક સંકટથી શરૂ થઈને હવે સત્તા વિરુદ્ધ પહોંચી ગયા છે.અમેરિકાના માનવાધિકાર સંગઠન HRANA અનુસાર, પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૫૯૯ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સરકાર પ્રદર્શનોને રોકવા માટે રેડ લાઈન પાર કરી રહી છે. તેમણે કહ્યું કે અમેરિકા 'કડક વિકલ્પો' પર વિચાર કરી રહ્યું છે.પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓ સાથે જે થઈ રહ્યું છે, તેના પર અમેરિકાની નજર છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈરાન રેડ લાઈન પાર કરી ચૂક્યું છે, તો તેમણે કહ્યું, "એવું લાગી રહ્યું છે કે તેઓ આવું કરવા લાગ્યા છે."

## અમેરિકનોને તત્કાલ ઈરાન છોડી દેવા કરાયેલી તાકીદ

નવી દિલ્હી, તા. ૧૩

વોશિંગ્ટનઃ ઈરાનમાં આયાતોલ્લાહ શાસન સામે સતત વધી રહેલા જનાક્રોશ તથા સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૭૦૦થી વધુ મોત વચ્ચે હવે અમેરિકા આ દેશ સામે લશ્કરી કાર્યવાહી કરે તેવા સંકેત છે અને અમેરિકાએ તેના તમામ નાગરિકોને ઈરાન છોડવા જણાવ્યુ છે. અમેરિકી વિદેશ મંત્રાલયે જાહેર કરેલી નવી ટ્રાવેલ એડવાઈઝરીમાં જણાવ્યું છે કે ઈરાનમાં અશાંતિ વધુ હિંસક બની શકે છે.દેખાવકારો વધુને વધુ ક્ષેત્રમાં ફસાઈ રહ્યું છે અને તેનાથી પ્રવાસની મુશ્કેલીઓ

અનુસંધાન પાના ૭ પર

## પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસ દેખાતા કેન્દ્ર સરકારે ટીમ મોકલી

### નિપાહ વાયરસના લક્ષણો ધરાવતી બંને નર્સોની હાલત ગંભીર

નવી દિલ્હી, તા. ૧૩

પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. ન્યૂઝ એજન્સીએ બંગાળના સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીને ટાંકીને જણાવ્યું કે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બારાસાત ખાતેની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં કામ કરતી બે આરોગ્યકર્મીમાં નિપાહ વાયરસના લક્ષણો જોવા મળ્યા છે.

આમાં એક પુરુષ અને બીજી મહિલા નર્સ છે. બંનેની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. બંનેના સેમ્પલ છૈંસ્જી કલ્યાણીની વાયરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. પ્રારંભિક રિપોર્ટમાં નિપાહ સંક્રમણની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

એક નર્સ નદિયા જિલ્લાની રહેવાસી છે, જ્યારે બીજો પૂર્વ બર્દવાન જિલ્લાના કટવાની નિવાસી છે. હાલમાં બંનેને તે જ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે, જ્યાં તેઓ કામ કરે છે.આ પહેલા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ સોમવારે જણાવ્યું કે પશ્ચિમ બંગાળને મદદ આપવા અને રોગચાળાને ફેલાતો અટકાવવા માટે નિષ્ણાતોની એક નેશનલ જોઈન્ટ આઉટબ્રેક રિસ્પોન્સ ટીમ બનાવવામાં આવી છે.સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે નિષ્ણાતોની ટીમ બંગાળ રવાના થઈ ગઈ છે. નડ્ડાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાત કરી છે. તેમને કહ્યું કે તેઓ પોતાની નિષ્ણાતોની ટીમને કેન્દ્ર સરકારની ટીમ સાથે મળીને કામ કરવા નિર્દેશ આપે.આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે અમે પશ્ચિમ

અનુસંધાન પાના ૭ પર

## કેનેડામાં ૧૮૦ કરોડની ગોલ્ડ ચોરી કેસમાં એકની ધરપકડ

### અન્ય એક ચોરીનો આરોપી ભારતીય હોવાનો દાવો

નવી દિલ્હી, તા. ૧૩

કેનેડામાં સૌથી મોટી સોનાની ચોરીના કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. પીલ રિજનલ પોલીસે જણાવ્યું કે ૨૦૨૩માં ટોરોન્ટો એરપોર્ટ પરથી ૧૮૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનું સોનું ચોરાયું હતું. આ કેસમાં અન્ય એક આરોપી ભારતમાં હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર 'પ્રોજેક્ટ ૨૪K' નામથી ચાલી રહેલી તપાસ હેઠળ ૪૩ વર્ષીય અરસલાન ચૌધરીની ટોરોન્ટો પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તે દુબઈથી કેનેડા પરત ફરી રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે ચૌધરીનું કોઈ કાયમી સરનામું નથી.

પીલ રિજનલ પોલીસના જણાવ્યા અનુસાર, અરસલાન ચૌધરી પર ૫ હજાર ડોલરથી વધુની ચોરી, ગુનામાંથી મેળવેલી સંપત્તિ રાખવા અને ગુનાહિત ષડયંત્રના આરોપો લગાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે આ ધરપકડ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી તપાસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.

૧૭ એપ્રિલ ૨૦૨૩ ના રોજ કેનેડામાં બપોરે ૩ વાગીને ૫૬ મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ઝુરિચ શહેરથી આવી રહેલી એક ફ્લાઈટ કેનેડાના ટોરોન્ટો શહેરના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ.

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તર પ્રદેશમાં કાતિલ ઠંડીમાં ઠુંઠવાતા બે લોકોનાં મોત

### રાજસ્થાનમાં તાપમાન માઈનસ એક ડીગ્રી તાપમાન

નવી દિલ્હી, તા. ૧૩

પહાડી રાજ્યોમાં વધતી ઠંડી અને હિમવર્ષાની અસરથી મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, હરિયાણા, પંજાબ, દિલ્હીમાં તીવ્ર ઠંડી ચાલુ છે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં તાપમાન -૧ઝ અને ફતેહપુરમાં -૦.૪ઝ રહ્યું. ૮ જિલ્લાઓમાં ૫મીથી ૮મી સુધીના વર્ગો લાગશે નહીં.

ઉત્તરાખંડના પિથોરાગઢ, ચમોલી, ઉત્તરકાશી અને રુદ્રપ્રયાગમાં ઝરણાનું પાણી જામી ગયું છે. પિથોરાગઢના આદિ કૈલાશ અને રુદ્રપ્રયાગના કેદારનાથ ધામમાં તાપમાન સતત બીજા દિવસે -૧૬ઝ રહ્યું. હરિદ્વાર અને ઉધમ સિંહ નગરમાં કોલ્ડ ડેની સ્થિતિ છે.

ઉત્તર પ્રદેશના ચિત્રકૂટમાં ઠંડીથી ૨ લોકોના મોત થયા. આજે ૨૩ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છે. બરેલીનું તાપમાન ૩.૮ઝ રહ્યું. ઠંડીના કારણે ૮મા ધોરણ સુધીની સ્કૂલો નોઈડામાં ૧૫ જાન્યુઆરી, ઝાંસીમાં ૧૪ અને ગોરખપુર-આગ્રા-બિજનૌરમાં ૧૩ જાન્યુઆરી સુધી બંધ રાખવામાં આવી છે. ગાઝિયાબાદમાં ૫મા ધોરણ સુધીની સ્કૂલો ૧૫ જાન્યુઆરી સુધી બંધ રહેશે.

હરિયાણામાં કડકડતી ઠંડી યથાવત છે. સોમવારે ગુરુગ્રામનું તાપમાન ૦.૬ઝ નોંધાયું હતું. આજે પણ રાજ્યના ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ, કોલ્ડ ડે અને સિવિયર કોલ્ડનું એલર્ટ છે. ૬૦ વર્ષ પહેલા ૫ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ લઘુત્તમ તાપમાન ૦.૪ઝ નોંધાયું હતું.

બિહારના ૧૦ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૮ઝ રહ્યું છે. સમસ્તીપુરના પૂસાનું તાપમાન સૌથી ઓછું ૪.૬ઝ નોંધાયું હતું. સીતામઢી, મધુબની સહિત ૮ જિલ્લાઓમાં કોલ્ડ ડેનું એલર્ટ છે. જ્યારે, રાજધાની દિલ્હીમાં પણ આજે સવારે તાપમાન ૧૦ઝ થી નીચે રહ્યું છે.

## યુએસ કાયદા નિર્માતાઓ દ્વારા મોદીના નેતૃત્વની પ્રશંસા કરાઈ

### પીએમ મોદી ગાંધી પછીના મહાન નેતા છે :રિચ મેકકોર્મિક

વોશિંગ્ટન, તા. ૧૩

યુનાઈટેડ સ્ટેટ્સમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા થઈ રહી છે. પ્રભાવશાળી યુએસ કાયદા નિર્માતાઓએ તેમને એક મુખ્ય નેતા તરીકે વર્ણવ્યા છે જે વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકાને ફરીથી આકાર આપી રહ્યા છે. તેઓ કહે છે કે વોશિંગ્ટન પીએમ મોદીના નેતૃત્વને ભારત-અમેરિકા ભાગીદારીની લાંબા ગાળાની મજબૂતાઈ માટે કેન્દ્રિય માને છે. વોશિંગ્ટનમાં સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ (CSIS) ખાતે એક કાર્યક્રમમાં બોલતા, યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્ય રિચ મેકકોર્મિકે વડા પ્રધાન મોદીની નીતિઓ અને વિચારસરણીની પ્રશંસા કરી. મેકકોર્મિકે કહ્યું કે પીએમ મોદીનો અભિગમ સંપૂર્ણપણે રાષ્ટ્રીય હિત પર કેન્દ્રિત છે અને ભારતના વિકાસ લક્ષ્યો સાથે સુસંગત છે. તેઓ ખરા અર્થમાં ખૂબ જ રાષ્ટ્રવાદી છે.રિચ મેકકોર્મિક (જે કોંગ્રેસનલ ઈન્ડિયા કોકસના સહ-અધ્યક્ષ પણ છે) એ કહ્યું, "પીએમ મોદી તેમના દેશની જેમ જ કાળજી રાખે છે જેમ આપણે આપણા દેશની કાળજી રાખીએ છીએ. તેઓ ભારતમાં ઉત્પાદકતા, વિસ્તરણ અને નવી ટેકનોલોજી લાવવા માંગે છે."તેમણે એમ પણ કહ્યું કે યુએસ સાંસદો પીએમ મોદીના વિઝનને

અનુસંધાન પાના ૭ પર

## બાંગ્લાદેશમાં વધુ એક હિંદુની ઘાતકી હત્યા

### ઓટો ચાલક યુવક પર ચપ્પુથી હુમલો : ૨૩ દિવસમાં ૭ હિન્દુઓની હત્યા

નવી દિલ્હી, તા. ૧૩

બાંગ્લાદેશના દક્ષિણ ભાગમાં આવેલા ચટગાંવ ડિવિઝનના ફેની જિલ્લાના દાગનભુઈયાંમાં રવિવારે રાત્રે અજાણ્યા બદમાશોએ ૨૮ વર્ષીય હિંદુ યુવક સમીર કુમાર દાસને માર મારી અને ચાકુ મારીને હત્યા કરી દીધી. તેની ઓટોરિક્ષા પણ લૂંટી લીધી.



પરિવારના જણાવ્યા અનુસાર, સમીર રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે ઓટોરિક્ષા લઈને ઘરેથી નીકળ્યો હતો. મોડી રાત સુધી જ્યારે તે પાછો ન ફર્યો ત્યારે પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી. રાત્રે લગભગ ૨ વાગ્યે જગતપુર ગામના એક ખેતરમાં સ્થાનિક લોકોને તેનો મૃતદેહ મળ્યો.

દાગનભુઈયાં પોલીસ સ્ટેશનના એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, સમીરની હત્યામાં દેશી હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે કે હત્યા અગાઉથી આયોજન હેઠળ કરવામાં આવી હતી. તપાસ ચાલુ છે અને હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી.

બાંગ્લાદેશમાં ૨૩ દિવસ દરમિયાન હિંદુની હત્યાની આ ૭મી ઘટના છે. આ પહેલા ૫ જાન્યુઆરીએ બાંગ્લાદેશના નરસિંદી જિલ્લામાં એક હિંદુ દુકાનદારની તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરી દેવામાં આવી હતી. મૃતક ૪૦ વર્ષીય શરત ચક્રવર્તી મણિ હતો.બીજી તરફ બાંગ્લાદેશની એક જેલમાં બંધ હિંદુ ગાયક અને સાંસ્કૃતિક કાર્યકર પ્રલય ચાકીનું સારવારના અભાવે મૃત્યુ થયું. તેમને ૧૧ જાન્યુઆરીની રાત્રે લગભગ ૯ વાગ્યે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને રાજશાહી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રલય પ્રખ્યાત સાંસ્કૃતિક આયોજક અને અભિનેતા, સ્વર્ગસ્થ લક્ષ્મી દાસ ચાકીના પુત્ર હતા. પ્રલય પ્રતિબંધિત આવામી લીગના જિલ્લા સાંસ્કૃતિક સચિવ હતા.

## ગુજરાતમાં ઠંડીમાં થોડો ઘટાડો નળિયામાં સવારે ૭.૬ ડિગ્રી

### રાજ્યમાં આવતી કાલે તેજ પવન ફૂંકાવાની આગાહી

અમદાવાદ, તા. ૧૩

જકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા પાંચ દિવસથી તીવ્ર ઠંડીએ બોકાસો બોલાવ્યા બાદ આજે સંક્રાંત પૂર્વે ઠંડીમાં આંશિક ઘટાડો થવા પામ્યો છે. એક માત્ર નલિયા ૭.૬ ડીગ્રીને બાદ કરતા મોટાભાગના સ્થળોએ સવારના તાપમાનમાં ૧થી ૪ ડીગ્રીનો વધારો થયો હતો.જો કે આજે પણ સવારમાં ઉતર પૂર્વના ઠંડા પવનોનું જોર રહેવા પામ્યું હતું. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૧ કીમીની ઝડપે ઠંડા પવન સાથે લઘુતમ તાપમાન ૧૧.૧ ડીગ્રી રહેવા પામ્યું હતું.દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર આવતીકાલે પતંગ પર્વના દિવસે સવારથી બપોરે ૧૨ સુધી ૧૦થી ૧૨ કી.મી. અને બપોરે ૧૨થી ૪ દરમ્યાન ૧૫ કીમીની સરેરાશ ઝડપે પવન ફુંકાશે આથી કાલે પતંગ પ્રેમીઓને મોજ પડી જશે.જયારે આજે સવારે અમદાવાદ ખાતે ૧૬, અમરેલીમાં ૧૨.૪, વડોદરામાં ૧૫, ભુજમાં ૧૧, દમણમાં ૧૮.૬, ડિસામાં ૧૨.૩, દિવમાં ૧૭, દ્વારકામાં ૧૪.૬, ગાંધીનગરમાં ૧૩, કંડલામાં ૧૨.૨, ઓખામાં ૧૮, પોરબંદરમાં ૧૨.૫, સુરતમાં ૧૬.૨ અને વેરાવળ ખાતે ૧૮.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અનુસંધાન પાના ૭ પર

## દિલ્હીમાં ગાઢ ધુમ્મસ, કાતીલ ઠંડી અને દૂષિત હવાનો કહેર

### દિલ્હીમાં તાપમાન ૩ ડિગ્રી નોંધાયું : ગાઢ ધુમ્મસથી વિઝિબિલીટી ઘટી

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હીવાસીઓને ભયંકર ઠંડી, ગાઢ ધુમ્મસ અને ઝેરીલી હવા એમ ત્રણ-ત્રણ મુસીબતોનો માર પડી રહ્યો છે. રાજધાની દિલ્હી સહિત એનસીઆરના મોટા ભાગના જિલ્લામાં આજે ભયંકર ધુમ્મસની ઝપટમાં આવી ગયા છે.

ગાઢ ધુમ્મસના કારણે પરિવહનને પણ ખરાબ અસર થઈ છે. હાઈવે પર વાહનોની ગતિ મંદ પડી ગઈ છે. તો ઉડાનો અને ટ્રેન વ્યવહાર પર ઘણી અસર જોવા મળી છે. દિલ્હીથી આવતી ટ્રેનો અનેક કલાકો મોડી પડી રહી છે.

બીજી બાજુ દિલ્હીમાં હાડ કંપાવતી ઠંડીએ કહેર મચાવ્યો છે. હવામાન વિભાગના અનુસાર દિલ્હીમાં કેટલાક સ્થળોએ ન્યુનત્તમ તાપમાન ૩ ડિગ્રી સેલ્સીયસે પહોંચ્યું છે. આગામી બે દિવસ પણ આ સ્થિતિ રહેવા પામી શકે છે. પાલમમાં ન્યુનત્તમ તાપમાન ૧૩ વર્ષમાં સૌથી ઓછું ૩ ડિગ્રી નોંધાયું છે.

પ્રદૂષણની વાત કરીએ તો દિલ્હી-એનસીઆરમાં સતત ઝેરીલી હવા બની રહી છે. આજે સવારે ૭ વાગ્યે દિલ્હીનું સરેરાશ એક્યુઆઈ ૪૦૦ની પાર નોંધાયું છે. તે ખૂબ જ ગંભીર શ્રેણીમાં આવે છે.જો કે ગઈકાલે સોમવારે એક્યુઆઈ આથી થોડું ઓછું ૩૦૦ની આસપાસ હતું. ઝેરીલી હવાના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા થઈ રહ્યા છે. ધુમ્મસના કારણે વિજિબિલીટી એટલી ઘટી ગઈ છે કે વાહનો એકદમ ધીમી ગતિએ ચાલતા જોવા મળ્યા હતાં.

## ગ્રીનલેન્ડને યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડવા માટેનું બિલ કોંગ્રેસમાં રજૂ

### બિલથી ગ્રીનલેન્ડને યુએસનું રાજ્ય બનવાનો અધિકાર મળશે

વોશિંગ્ટન, તા. ૧૩

રિપબ્લિકન કોંગ્રેસમેન રેન્ડી ફાઈને ઔપચારિક રીતે "ગ્રીનલેન્ડ જોડાણ અને રાજ્ય કાયદો" નામનું બિલ રજૂ કર્યું છે. આ બિલનો હેતુ ટ્રમ્પ વહીવટીતંત્રને ગ્રીનલેન્ડને જોડવાનો અને ભવિષ્યમાં તેને સત્તાવાર યુએસ રાજ્ય બનાવવાનો કાનૂની અધિકાર આપવાનો છે. સોમવારે (સ્થાનિક સમય) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર બિલની જાહેરાત કરતા, રેન્ડી ફાઈને લખ્યું, "આ ખૂબ જ મોટા સમાચાર છે. આજે મને ગ્રીનલેન્ડ જોડાણ અને રાજ્ય કાયદો રજૂ કરવાનો ગર્વ છે. આ બિલ રાષ્ટ્રપતિને ગ્રીનલેન્ડને યુએસ યુનિયનમાં જોડવાના માર્ગો અને માધ્યમો શોધવાની મંજૂરી આપે છે."

ફાઈને દાવો કર્યો હતો કે અમેરિકાના દુશ્મન દેશો આર્કટિક ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને અમેરિકા કોઈપણ સંજોગોમાં આવું થવા દેતું નથી. આર્કટિક ક્ષેત્રમાં ચીન અને રશિયાના વધતા પ્રભાવનો સામનો કરવા માટે આ પગલું જરૂરી છે.

રિપબ્લિકન સાંસદે કહ્યું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે ગ્રીનલેન્ડ હસ્તગત કરીને અમેરિકાએ તેની વૈશ્વિક શક્તિ અને પ્રભુત્વ પાછું મેળવવું જોઈએ.

ફાઈન કહ્યું, "મારું બિલ આ દ્રષ્ટિકોણને વાસ્તવિકતામાં ફેરવશે, અને ગ્રીનલેન્ડને યુએસ પ્રદેશ બનાવીને, તે આગામી સદી માટે યુએસને વ્યૂહાત્મક લાભ આપશે."

તેમણે એમ પણ કહ્યું કે આ પગલું ચીન અને રશિયાને સ્પષ્ટ સંદેશ આપશે કે આર્કટિક ક્ષેત્રમાં યુએસ સાર્વભૌમત્વને પડકારવાના દિવસો પૂરા થઈ ગયા છે. પ્રસ્તાવિત કાયદો યુએસને ગ્રીનલેન્ડ હસ્તગત

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો

તથા સુરત જિલ્લા માટે

ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# આવતીકાલે બિહાર વિકાસ પરિષદની વાર્ષિક સભા મળશે

## વાર્ષિક સભા સાથે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી કરાશે

સુરત, તા.૧૩

જેમ તમે જાણતા હશો, બિહાર વિકાસ પરિષદ સુરત એક સામાજિક સંસ્થા છે જે બિહાર અને ઝારખંડના રહેવાસીઓ સાથે ઉત્તર ભારતીયોના સામાજિક ઉત્થાન માટે પ્રયત્નશીલ છે. બિહાર વિકાસ પરિષદ બિહાર અને ગુજરાતની સંસ્કૃતિઓ અને સભ્યતાઓને જોડવાનું પણ કાર્ય કરે છે. આ સંદર્ભમાં, પરિષદ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બુધવારના રોજ મકરસંક્રાંતિના તહેવાર સાથે તેની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરી રહી છે. ૨૦૨૬ નું સંભારણું, ખજાનચી દ્વારા પ્રસ્તુતિ સાથે, વર્ષની પ્રવૃત્તિઓ અને આવક અને ખર્ચની વિગતો રજૂ કરવામાં આવશે. શ્રી લાખાધીર સિંહ ઝાલા, આઈપીએસ, ડેપ્યુટી કમિશનર, સુરત પોલીસ, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ મકરસંક્રાંતિ ઉત્સવમાં ઉત્તર ભારતીય સમુદાયના ઘણા અગ્રણી વ્યક્તિઓ અને ઉદ્યોગપતિઓ હાજર રહેશે, અને બિહાર વિકાસ પરિષદ અને બિહાર ફાઉન્ડેશન, ગુજરાતના આજીવન સભ્યોને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. મકરસંક્રાંતિ ઉત્સવ પાલ કોમ્યુનિટી હોલ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ્સ પાસે, નાયરા પેટ્રોલ પંપ પાછળ, એલપી સવાણી સ્કૂલ, અડાજણ, સુરત ખાતે યોજાઈ રહ્યો છે. અંકુર વિદ્યાલયના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. ઉપરોક્ત કાર્યક્રમ બિહાર વિકાસ પરિષદની મકરસંક્રાંતિ ઉત્સવ સમિતિના સંયોજક શ્રી રૂપેશ સિંહની દેખરેખ હેઠળ યોજાશે. મકરસંક્રાંતિ ઉત્સવ સમાપ્ત થયા પછી, પરંપરાગત બિહારી ભોજન (દહી-ચુર્મા અને તિલકૂટ)નું આયોજન કરવામાં આવ્યું છે.

# તા.૧૪મીએ બીઆરટીએસ બસ સેવા સદંતર બંધ રહેશે

## અકસ્માતો નિવારવા બે દિવસ બસ મર્યાદિત દોડશે

સુરત, તા.૧૩

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે. ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણના પર્વની ઉજવણી શહેરમાં હર્ષો ઉલ્લાસ સાથે કરવામાં આવે છે. ઉત્તરાયણના રોજ લોકો દ્વારા પતંગને ચગાવી/પકડીને પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે. પરંતુ અમુક કિસ્સાઓમાં લોકો દ્વારા BRTS કોરીડોરમાં પતંગ ચગાવતા/પકડતા હોઈ અકસ્માતની સંભાવના રહે છે. જેને ધ્યાને લેતા તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ BRTS બસ સેવા સદંતર બંધ કરવામાં આવનાર છે તથા સીટી બસ સેવા ૩૦% શીડ્યુલ સાથે ચલાવવામાં આવનાર છે. વધુમાં તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ BRTS બસ સેવા ૩૦% શીડ્યુલ સાથે તથા સીટી બસ સેવા ૫૦% શીડ્યુલ સાથે ચલાવવામાં આવનાર હોઈ જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જર્મનીના સ્ટેટ સેક્રેટરીની ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક

## જર્મન ઉદ્યોગોના રોકાણોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવાના મુખ્યમંત્રીના દિશાનિર્દેશ



સુરત, તા.૧૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જર્મનીના સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફના નેતૃત્વમાં જર્મની બિઝનેસ ડેલીગેશને ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ ડેલિગેશન ભારત-જર્મન સી.ઈ.ઓ. ફોરમમાં સહભાગી થવા ભારત-ગુજરાતની મુલાકાતે આવેલું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જર્મન ચાન્સેલર શ્રીયુત ફ્રેડરિક મર્ઝની ઉપસ્થિતિમાં યોજાયેલા સી.ઈ.ઓ. ફોરમની સફળતા માટે આ ડેલિગેશનને અભિનંદન પાઠવવા સાથે ગુજરાતમાં આવકાર્યા હતા. આ ડેલિગેશનના સભ્યોએ ગુજરાત દેશના જીડીપી ગ્રોથમાં ૮ ટકાથી વધુનું જે મહત્વનું યોગદાન આપે છે તેનાથી પ્રભાવિત થતા કહ્યું કે, તેઓ ખાસ કરીને એસ.એમ.ઈ. સેક્ટરમાં બિઝનેસ એન્ડ ઈકોનોમી સંબંધો વધારવા ઉત્સુક છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં હવે દેશના રાજ્યો ગ્રોથ રેટ વધારવા આગળ વધ્યા છે તેની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, જર્મનીના ઉદ્યોગોએ ગુજરાત પર જે ભરોસો મૂક્યો છે તેને વધુ સંગીન બનાવીને પરસ્પર સહયોગથી આપણે વધુ પ્રગતિ સાધી શકીશું. તેમણે આ બેઠકની ચર્ચાઓ દરમિયાન જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી જર્મની સાથે વિશ્વાસુ મિત્ર તરીકે આગળ વધવા માગે છે તે સંજોગોમાં ગુજરાત અને જર્મનીના ઔદ્યોગિક સંબધોને વધુ ઉંડાણ પૂર્વકના અને લાંબાગાળા માટે વિકસાવીને ગુજરાતમાં જર્મન કંપનીઓના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધુ વેગ મળે તેવી અમારી નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ જર્મન ઉદ્યોગોના રોકાણોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવાના દિશાનિર્દેશ પણ આ બેઠકમાં આપ્યા હતા. જર્મન સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફે ચર્ચા દરમિયાન જણાવ્યું કે, જર્મની પોતાની સપ્લાય ચેઈન ડાયવર્સીફાઈ કરવા ઈચ્છે છે તેમાં ગુજરાત તેમની પસંદ બને તે માટે લોજિસ્ટિક્સ, પ્રોડક્શન સ્ટ્રક્ચર અને ઈકોનોમિક ફ્રેમ વર્કમાં જે ચેલેન્જીસ છે તે રીઝોલ્વ થાય તેવી તેમની અપેક્ષા છે. તેમણે ઉમેર્યુ કે, ગુજરાત એનર્જી સેક્ટરમાં અગ્રેસર છે તેમાં રિન્યુઅલ એનર્જીમાં ગ્રીડ અને સ્ટોરેજની જર્મન ટેકનોલોજીની એક્સપર્ટીઝનો સહયોગ મળી શકે તેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત ૨૦૪૭નું જે વિઝન આપ્યું છે તેમાં ગુજરાત લિડ લેવા સજ્જ છે. ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગા વોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનના લક્ષ્ય સાથો સાથ વિકસિત ગુજરાત જ ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરીને ૬ રિજનલ ગ્રોથ હબ તથા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ

અનુસંધાન પાના ૭ પર

# વલસાડ બીઆરસી ભવન ખાતે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

## ૩૮૩ દિવ્યાંગ બાળકોને રૂ. ૪૦ લાખની સાધન સહાય વિતરણ કરવામાં આવી



વલસાડ, તા.૧૩

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત સમાવેશી શિક્ષણ શાખા હેઠળ સમગ્ર શિક્ષા વલસાડ અને એલીમ્કોના સંયુક્ત ઉપક્રમે બીઆરસી ભવન ધરમપુર, વાપી અને વલસાડ ખાતે અંદાજીત ૩૮૩ જેટલા દિવ્યાંગ બાળકો સાધન સહાય વિતરણ કેમ્પમાં હાજર રહ્યા હતા. તેઓને અંદાજીત રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- (ચાળીસ લાખ) જેટલી સહાયના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું.

આ કેમ્પમાં નાયબ નિયામકશ્રી RMSA શાળાઓ અને સ્ટેટ આઆઈડી કો.ઓ.શ્રી અર્ચનાબેન ચૌધરી ઓનલાઈન વર્ચ્યુઅલ માધ્યમથી સાધન સહાય વિતરણ કેમ્પમાં જોડાઈ બાળકો, વાલીઓ અને સમગ્ર શિક્ષા વલસાડના કર્મચારીઓને માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. આ કાયર્ક્રમ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડી.બી.વસાવા અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો. રાજેશ્રી ટંડેલના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં આઈઈડી કો.ઓ. અમિતકુમાર રાવલ, બીઆરસી કો.ઓ. મિતેશકુમાર પટેલ અને બીપીનભાઈ પટેલ તેમજ બીટ નિરીક્ષક હરેશભાઈ અને નિવૃત બેન્ક કર્મચારી ભરતભાઈ હાજર રહ્યા હતા. આ કેમ્પનું સમગ્ર આયોજનમાં હાજર રહેનાર તમામ સમગ્ર શિક્ષાના સ્પે. એજ્યુંકેટર અને સ્પે. ટીચર ના સહયોગ થી કાર્યક્રમ સફળતાથી પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# વલસાડ જિલ્લામાં ૧૨ કોમન સર્વિસ સેન્ટર બંધ

## નિયમોનો ભંગ કરાતા સીએસસી સેન્ટર તાકીદની અસરથી બંધ

વલસાડ, તા.૧૩

વલસાડ જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર CSC ખાતે નિયમોના પાલન મુદ્દે તપાસ હાથ ધરી હતી તેમાં નિયમોના ભમ કરનાર CSC ID તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે જેના પગલે જેને પગલે સેન્ટરના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વલસાડ જિલ્લામાં હાલ ૧૩૦૦ થી વધુ કોમન સર્વિસ સેન્ટરો કાર્યરત છે આ સેન્ટરોમાં માધ્યમથી લોકોને વિવિધ સરકારી અર્ધસરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડવાની કામગીરી કરાય છે જોકે સેન્ટરોને આંતરિક તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ઘણા સેન્ટર પર નિયમોનું યોગ્ય પાલન ન થયું હોય ખાસ કરીને સંચાલકોને બદલે ઓપરેટરો કામ કરતા હતા કોમન સર્વિસ સેન્ટરના બેનર લગાવેલા ન હતા તેમજ પોલીસ સર્ટિફિકેટ ન હતું સહિતના નિયમોનો ભંગ કરી રહ્યો હતો આ બાબતને ધ્યાનમાં આવતા પ્રાથમિક તબક્કે જિલ્લામાં ૧૨ કોમન સર્વિસ સેન્ટર આઈડી બ્લોક કરી તેમની કામગીરી અટકાવી છે.

ડિસટીક મેનેજર મનીષ પ્રજાપતિએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ સેવાઓનો લાભ સાચા દરે મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે હવેથી દરેક વિલેજ લેવલ એન્ટરપ્રિન્યર એટલે કે VLE

અનુસંધાન પાના ૭ પર

# વલસાડના કાજણ રણછોડ ખાતે સમસ્ત બાવીસા કુળ પરિવાર સંમેલન યોજાયું

## બાવીસા પરિવારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષનું વિશેષ સન્માન



સુરત, તા.૧૩

સમસ્ત બાવીસા કુળ પરિવારનું સંમેલન વલસાડ તાલુકાના કાજણરણછોડ ખાતે બાવીસા પરિવારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. પરિવારના આગેવાનો દ્વારા તેમનું શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને લગ્ન જેવા પ્રસંગોમાં ડીજેના સ્થાને આદિવાસીઓના પારંપારિક વાદ્યો, તેમજ મરણપ્રસંગ કે બારમાવિધિઓમાં ખોટા ખર્ચાઓ બંધ કરી, સમાજના હિત માટે સૌને આગળ આવવા વિશેષ વિચારણાઓ કરવામાં આવી હતી.

આ અવસરે ધારાસભ્ય અરિવંદભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે બાવીસા પરિવારના નવી સરકારી નોકરી મેળવનારાઓનું શાલ ઓઢાડી સન્માન અને ધોરણ-૧૦ અને ૧૨ માં ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનારા વિદ્યાથીઓનું પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. નાની દિકરી માહીએ દિકરી દીલનો દરિયો વિષે અનોખું વકતવ્ય આપ્યું હતું. આદિવાસી પરંપરા અનુસાર તુર-થાળીના તાલે સૌ મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

ધારાસભ્યે જણાવ્યું હતું કે, સમાજે આગળ આવવું હોય તો શિક્ષણ ખુબ જ જરૂરી છે. આપણે દઢ નિશ્ચય કરીએ આ બધુ શકય છે. સમાજે વ્યસનનોને તિલાજંલિ આપી, યુવા પેઢી સ્વબળે આગળ આવે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું છે. યુવાનોને શિક્ષણ સાથે સંસ્કાર આપીને સમાજને આગળ લાવવાનો છે. વડાપ્રધાન

અનુસંધાન પાના ૭ પર

# બિહાર વિકાસ મંડળ દ્વારા મકરસંક્રાંતિ પર્વની ઉજવણી

## સાધુ-સંતોને ધાબળા તથા મહિલાઓને સાડીનું વિતરણ કરાશે

સુરત, તા.૧૩

બિહાર વિકાસ મંડળ દ્વારા ૧૫જનવરી ૨૦૨૬ મકરસંક્રાંતિ પર્વ ધાર્મિક અને સામાજીક રીતે ધૂમધામપૂર્વક ઉજવણી કરશે બિહાર વિકાસ મંડળ દ્વારા દર વર્ષની જેમ ૨૬ મા વર્ષે પણ મકરસંક્રાંતિ પર્વની ઉજવણી દહી-પૌવા સાથે સાધુ-સંતોને કંબલ અને નિરાધાર મહિલાઓને સાડી દાન પુણ્ય કરી ધૂમ-ધામથી ઉજવણી કરવામાં આવશે. મકરસંક્રાંતિ પર્વ જ્યાં સુરતીલાલાઓ ઉત્સવરૂપ માં પતગ ચગાવે છે ત્યાં બિહાર વિકાળ મંડળ દ્વારા દર વર્ષની જેમ ૨૫ મા વર્ષે પણ ઉત્તર ભારતીય પરંપરાના નિર્વાહ કરતા તારીખ ૧૫મી જાન્યુઆરી ગુરૂવારના રોજ ૧૧:૩૦ કલાકે વેડરોડ, અખંડ આનંદ કોલેજ કોજવે રોડ, કોજાવે ચાર રસ્તા વિશાલા ગાર્ડન રેસ્ટોરન્ટ હૉલ મા મકરસંક્રાંતિ મહોત્સવના ઉપલક્ષમાં સામુહિક દહી-પૌવા,ના મહાપ્રસાદ સાથે આમંત્રિત સાધુ-સંતોને કંબલ,નિરાધાર મહિલાઓને સાડી દાન આપી મકરસંક્રાંતિ ઉત્સવ ધૂમધામથી ઉજવણી કરશે. આ અવસર પર સર્વ સમાજના આમંત્રિત અગ્રણી, ચૂંટાયેલા પ્રતિનિધિઓ,સાધુ-સંતો હાજર રહી કાર્યક્રમ ની સુંદરતા વધારશે.બિહાર વિકાસ મંડળના અધ્યક્ષ પ્રભુનાથ પ્રસાદ યાદવના નેતૃત્વમાં બાંકે બિહારીસિંહ, નંદ કુમાર પંડિત, શ્રીમતિ પૂનમ દેવી ઉપાધ્યક્ષ ભાજપા વોર્ડ નં.૮ રાજીવ શાહ, સુર્યકાંત યાદવ , સમશેર સિંહ, ઓમપ્રકાશ જી, સંતોષ જી,શ્રી રામ યાદવ, ચંદ્રકાંત યાદવ,જીતેન્દ્ર ગુરુદેવ,દારોગા હરિઓમ દીનાનાથ ચૌરસિયા, બલીરામ યાદવ, સુજીત દુબે,રાકેશ ગુપ્તા,વગેરે પોતાને બહુમૂલ્ય યોગદાન આપી મકરસંક્રાંતિ મહોત્સવને સફળ બનાવવામાં લાગી ગયા છે.

# સાવરકુંડલામાં ૧૦૦ એકરમાં સ્માર્ટ જીઆઈડીસી બનવાની મંજૂરી મળી

## સ્માર્ટ જીઆઈડીસી કારણે આધુનિક સુવિધા યુક્ત ઇન્ફ્રાસ્ટ્રકચર નો લાભ મળશે

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા વિશ્વભરમાં કાંટા ક્ષેત્રે સાવરકુંડલા નું નામ મોખરે છે કાંટા થી આગવી ઓળખ ઊભી કરનારા સાવરકુંડલાને વર્ષોથી જી.આઇ.ડી.સી.નું સ્વપ્ન સાકાર થયું છે રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજ્યના નવા ૭ જિલ્લાઓ માટે સ્માર્ટ GIDCની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત અમરેલી જિલ્લાના સાવરકુંડલાને નવી સ્માર્ટ GIDC મળતા સમગ્ર વિસ્તારના વિકાસને નવી ગતિ સાથે સાવરકુંડલા શહેરને વિકાસની નવી ભેટ મળી હતી નવું સ્માર્ટ GIDC પ્રોજેક્ટ સાવરકુંડલા તાલુકાના બોઘરિયાણી (ધજડી) ખાતે ૪૧ હેક્ટર જમીન પર વિકસાવવામાં આવશે આ પ્રોજેક્ટથી ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, સ્થાનિક યુવાનોને રોજગાર મળશે તેમજ સાવરકુંડલાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થશે તેવું સ્વપ્ન ટૂંકા દિવસોમાં સાકાર થઈ જશે સાથે સાથે સ્માર્ટ GIDCના બનવાથી સ્થાનિક યુવાનોને રોજગારી માટે બહાર નહીં જવું પડે અને રોજગારીની તકો

અનુસંધાન પાના ૭ પર

# શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## ૧૧૦થી વધુ બોટલ રક્તદાન એકત્ર કરાયું

સુરત, તા.૧૩

ઓલપાડ સુરત દાંડી રોડ ના મુખ્ય માર્ગને અદીને અંભેટા ગામ નજીક આવેલ શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ દ્વારા આયોજિત હેલ્થ ચેકઅપ કેમ્પ તથા રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ ની અંદર ગુજરાત સરકાર પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રક્તદાન એટલે મહાદાન,રક્તદાન કરવાથી કોઈકનો જીવ પણ બચી શકે છે.દરેક તંદુરસ્ત માણસે રક્તદાન કરવું જોઈએ,સુરત દાંડી રોડ ને મુખ્ય અડીને અંભેટા ગામ નજીક આવેલ શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમ માલિક હર હંમેશ સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા એવાં સંજયભાઈ પટેલ તથા તેમના પરિવારજનો અને સરદાર વલ્લભભાઈ પટેલ બ્લડ બેન્ક રામનગર-સુરત ના સહયોગથી રક્તદાન કેમ્પ અને યુનિવર્સલ હોસ્પિટલ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ ની અંદર ગુજરાત સરકારના પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી,રક્તદાન કેમ્પ તથા હેલ્થ ચેકઅપ કેમ્પ ખુલ્લો મુકીયો હતો હર-હંમેશા સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શ્રી સિધ્ધનાથ પેટ્રોલિયમના માલિક સંજયભાઈ પટેલ દ્વારા રકતદાન કેમ્પ અને હેલ્થ ચેક ચેકઅપ કેમ્પ તેમજ ડૉ .ભાવિકા પટેલ(એકયુરા આઈ કેર),ડૉ.પૂર્વી પટેલ(પહલ હોસ્પિટલ) ડૉ.જતીન પટેલ (ડેન્ટલ કેર ક્લિનીક) ડોક્ટરે ની ટીમે આજુબાજુ ના સામન્ય માણસો ની નિઃશુલ્ક ચેકઅપ કરી કરવા બદલ અભિનંદન પાઠવીયાં હતાં.અને તમામ રક્તદાતાઓનો આભાર માન્યો માનતાં જણાવ્યું હતું કે કોઈક બીમારી અથવા અકસ્માત થાય ત્યારે રક્ત ની ખુબ જરૂર હોય છે.રક્તદાન કરવા થી કોઈક નો જીવ બચી શકે છે.અને કોઈક ને નવું જીવનદાન મળી શકે છે તેમ જણાવ્યું હતું.આ કેમ્પ ની અંદર આજુબાજુ ગામ નાં ૩૦૦ થી વધુ લોકો એ યુનિવર્સલ હોસ્પિટલ ની ડોક્ટર ની ટીમ દ્વારા હેલ્થ ચેકઅપ કરાવવામાં આવ્યો હતું આવ્યું હતું.અને૧૧૦ થી વધુ લોકો એ રક્તદાન કર્યુ આ રક્તદાન કેમ્પ ની મુકેશભાઈ પટેલ (પૂર્વ મંત્રી ગુજરાત સરકાર) સી.આર.જાદવ-પી.આઈ ઓલપાડ પોલીસ સ્ટેશન, આનંદકુમાર (મદદનીશ વન સંરક્ષક,ભરૂચ) રંજનબેન પટેલ,માતૃશ્રીભાનુબેન પટેલ,આજુબાજુ ગામ નાં સરપંચો, આજુબાજુ ગામ નાં યુવાનો,વડીલો ઉપસ્થિત રહયાં હતાં.આ કેમ્પને સફળ બનાવવામાં રાકેશભાઈ જોગી, દીપકભાઈ પટેલે ભારે જેહમત ઉઠાવી હતી

# ખેરગામના નાંધઈ પ્રાથમિક શાળા આનંદ મેળો યોજાયો

સુરત, તા.૧૩

ખેરગામ તાલુકાના નાંધઈ પ્રાથમિક શાળા ખાતે સોમવારના રોજ સવારે સવાર થી બપોર સુધી એક ભવ્ય આનંદમેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું,જેનું ઉદ્ઘાટન SMC અધ્યક્ષ ઠાકોરભાઈ અને ગ્રામજનોના હસ્તે કરવામાં આવ્યું હતું.આ મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૫૧ સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેમાં ઉબાડિયું, પાઉભાજી, વડાપાઉં, સમોસાં, મન્ચુરિયન, સેન્ડવીચ, ભેલ, ઈડલી સાંભર તેમજ મીઠાઈમાં ગુલાબજાંબુ, ફ્રૂટસલાર્ડ અને છાસ જેવી સ્વાદિષ્ટ વાનગીઓનો ગ્રામજનોએ લ્હાવો લીધો હતો.આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી મનિષભાઈ પરમાર તથા બીટ નિરીક્ષક પ્રશાંતભાઈની ખાસ ઉપસ્થિત રહી બાળકોના કૌશલ્યને બિરદાવ્યું હતું.અને મોટી સંખ્યામાં ઉમટી પડેલા ગ્રામજનોએ આ કાર્યક્રમને ઉત્સાહભેર વધાવી લીધો હતો.

# ધારાસભ્ય મુકેશ પટેલ દ્વારા ૪૫૦૦ કરોડના વિકાસ કામો થયા : તનય દેસાઈ

## છેલ્લા પાંચ વર્ષમાં ઓલપાડ વિધાનસભા મત વિસ્તારમાં અભૂતપૂર્વ વિકાસ થયો

સુરત, તા.૧૩

સૌનો સાથ સૌનો વિકાસ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાં આ સૂત્ર ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સાર્થક કરી બતાવ્યું છે.અને ઓલપાડ તાલુકા ને મારે વિકાસ થી વંચિત નથી રહેવા દેવો જેવી જેમની નેમ છે. એવાંઓલપાડ નાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ દ્વારા છેલ્લા પાંચ વર્ષ શાસનકાળ દરમિયાન કેન્દ્ર સરકાર ની યોજના હોય કે રાજ્ય સરકાર ની યોજના હોય જેવી વિવિધ યોજના માંથી ૪૫૦૦ કરોડ થી વધુ વિકાસ નાં કાર્યો ૧૫૫-ઓલપાડ વિધાનસભા મત વિસ્તાર ની અંદર કર્યા હોવાનું પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા એક ખાતમુહર્ત નાં કાર્યક્રમ માં જાહેરાત કરી હતી અને ઓલપાડ સૌથી મહત્વ નાં કામો જેવા કે દેલાસા ઓવરબીજા હાલ નિર્માણ કાર્ય ચાલુ હોવાનાં લીધે આવનાર દિવસોમાં કરંજ,પારડી સહિત આજુબાજુ નાં ગામો નાં યુવાનો જે હજીરા અલગ અલગ કંપની નોકરી જેવો જાઈ છે તેઓ આ બીજા નિર્માણ થવાની સમય,કિલોમીટર અને પૈસાની પણ બચત થશે,ઓલપાડ બજાર જે ટ્રાફિક ની સમસ્યા થતી હતી જે લઈ ડો.આંબેકર બાયપાસ રોડ બનવા કારણે ટ્રાફિક સમસ્યા પણ હળવી થઈ,અને આ ઓવરબીજ પર સ્ટેટ લાઈટ નાખવા નાં કારણે વાહન ચાલકો ને જે મુશ્કેલીઓ પડતી તે પણ દુર થઈ ઓલપાડ સરોલી ઓવરબીજા થી લઈ છેક વડોલી વાક સુધી આવનાર દિવસોમાં સિક્સલેન રોડ બનવા નાં કારણે,ઓલપાડ ટાઉન માં સરકારી જગ્યાઓમાં દબાણ દુર કરી ગરીબો રોજી રોટી મળી રહે તેનાં માટે સ્ટોલ બનાવી ફાળવણી કરવામાં આવી,સાયણ રોડ રસ્તા કે ગટર નાં વિવિધ ગામો એક ગામ થી બીજા ગામને જોડતો મુખ્યમાર્ગ ની સાથોસાથ ખેતરાઈ રસ્તા પાકા બનવા નાં કારણે ખેડુતો ચોમાસા દરમિયાન ખેતર એ જવા માટે જે તકલીફ પડતી હતી તે દુર થઈ, જેવા તો અસંખ્ય વિકાસ નાં કાર્યો ૧૫૫ ઓલપાડ વિધાનસભા મતવિસ્તાર માં કર્યા હોવાનાં એક વર્ષ જેટલાં સમય અગાઉ કોંગ્રેસ નાં સાથે છેડો ફાડી ભાજપ માં જોડાયેલા ખેડુત યુવા અગ્રણી તથા અનાવિલ સમાજ નાં યુવા આગેવાન તનય દેસાઈ જણાવ્યું હતું અને જે રીતે કોંગ્રેસ ખેંચતાણ ચાલી રહી હોવાનાં લીધે આવનાર દિવસોમાં ઓલપાડ તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયત ની ચૂંટણી યોજાવાની છે ત્યારે તાલુકા અને જિલ્લા પંચાયત સીટ પર જે રીતે ભારતીય જનતા પાર્ટી નાં શાસન પૂર્વ મંત્રી અને ઓલપાડ નાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ એ જે વિકાસ નાં કાર્યો કરીયા છે.

# કાંદિવલી-બોરીવલી સેક્શન પર પશ્ચિમ રેલ્વેનો મુખ્ય બ્લોક

સુરત, તા.૧૩

કાંદિવલી અને બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઇનનું બાંધકામ પૂર્ણ કરવા માટે પશ્ચિમ રેલ્વે ૨૦/૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ ની રાતથી ૩૦ દિવસનો બ્લોક લાગુ કરી રહ્યું છે, જે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ બ્લોક પશ્ચિમ રેલ્વેની કેટલીક ટ્રેન સેવાઓને અસર કરશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝ અનુસાર, ઉપરોક્ત કાર્યના સંદર્ભમાં કાંદિવલી અને મલાડ સ્ટેશનો વચ્ચે પોઈન્ટ ૧૦૩ ના વિસર્જન માટે ૧૩/૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ની રાત્રે એક મુખ્ય બ્લોક લાગુ કરવામાં આવશે. આ બ્લોક અપ ફાસ્ટ લાઇન પર ૦૦:૦૦ થી ૦૫:૩૦ અને ડાઉન ફાસ્ટ લાઇન પર ૦૧:૦૦ થી ૦૪:૩૦ સુધી રહેશે. વધુમાં, ૧૪/૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કાંદિવલી અને મલાડ સ્ટેશનો વચ્ચે પોઈન્ટ ૧૦૨ ને તોડી પાડવા માટે એક મોટો બ્લોક અમલમાં મૂકવામાં આવશે. આ બ્લોક અપ ફાસ્ટ લાઈનો પર ૦૦:૦૦ થી ૦૫:૩૦ સુધી અને ડાઉન ફાસ્ટ લાઈનો પર ૦૧:૦૦ થી ૦૪:૩૦ સુધી અમલમાં રહેશે. ઉપરોક્ત બ્લોક, પાંચમી લાઈનના સસ્પેન્શન અને લાદવામાં આવેલા ગતિ પ્રતિબંધોને કારણે, કેટલીક ઉપનગરીય સેવાઓ રદ કરવામાં આવશે, જ્યારે અપ ફાસ્ટ લાઈનો પર કેટલીક મેલ/એક્સપ્રેસ ટ્રેનો પ્રભાવિત થશે. ૧. ૧૩ અને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૯૪૨૬ નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસને વસઈ રોડ પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે. ૨. ૧૩ અને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસને વસઈ રોડ પર ટૂંકા ગાળા માટે બંધ કરવામાં આવશે. ૧. ૧૪ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૯૪૨૫ બોરીવલી-નંદુરબાર એક્સપ્રેસ, વસઈ રોડથી ટૂંકા રૂટની રહેશે. ૨. ૧૪ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ, વસઈ રોડથી ટૂંકા રૂટની રહેશે.

# સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૬નું પ્રથમ અંગદાન

## મૂળ બિહારના ૨૭ વર્ષીય બ્રેઈનડેડ સૌગંદકુમાર લૈયાના અંગદાનથી ત્રણને મળશે નવજીવન



સુરત, તા.૧૩

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં આજે વર્ષ ૨૦૨૬નું પ્રથમ અને કુલ ૯૦મું સફળ અંગદાન થયું છે. મૂળ બિહારના ૨૭ વર્ષીય બ્રેઈનડેડ સૌગંદકુમાર નકુલભાઈ લૈયાના પરિવારજનોએ માનવતાવાદી અભિગમ સાથે સ્વજનના અંગદાનનો નિર્ણય લઈને લીવર અને બે કિડનીનું દાન કર્યું હતું. જેના થકી ત્રણ જરૂરતમંદોને નવજીવન મળશે. આમ પણ પ્રાચીન કાળથી ઉત્તરાયણ પર્વમાં દાનનો વિશેષ મહિમા રહ્યો છે, ત્યારે શ્રમિક પરિવારે ઉત્તરાયણ પૂર્વે અંગદાન કરી દાનપૂણ્યને ઉજાળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહારના બાંકા જિલ્લાના બલુઆતરી બૌસીના વતની સૌગંદકુમાર સુરતમાં ટેક્ષ્ટાઈલ વર્કર હતા. તા.૯મી જાન્યુ.ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે ભાટીયા ચેકપોસ્ટ, સારોલી પાસે રોડ પર બમ્પર આવતા બાઈક જમ્પ થતા રોડના ડિવાઈડર સાથે અથડાતા સૌગંદકુમાર અને મિત્ર પડી ગયાં હતાં. મિત્ર ગૌતમભાઈને પગમાં ઈજા થઈ હતી અને માથામાં ગંભીર ઈજા થતા સૌગંદકુમારને બેભાન હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નવી સિવિલમાં દાખલ કર્યા હતા. જ્યાં ગંભીર હાલત હોવાથી ઈમરજન્સીમાં દાખલ કર્યા અને ત્યારબાદ વધુ સારવાર માટે આઈસીયુમાં

અનુસંધાન પાના ૭ પર



# સરસ્વતીના આશીર્વાદે બંગાળી પરંપરાની અલોકચિત્ર કલા

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- વિદ્યા, સૂર અને સર્જનાત્મકતાની દેવી સરસ્વતીની પ્રેરણાથી એક અનોખી અલોકચિત્ર પ્રદર્શન તાજેતરમાં યોજાઈ ગઈ. પરંપરા અને આધુનિકતાના સંગમમાં આ વિશેષ ફોટોશૂટમાં મોડેલોએ સરસ્વતી થીમની સૌંદર્યસભર છબીઓ ધારણ કરી. શુભ્ર વસ્ત્ર, વીણા, પુસ્તક અને શાંત સૌંદર્ય દ્વારા જ્ઞાન અને સંસ્કૃતિનું વાતાવરણ જીવંત બની ઉઠ્યું. કલાત્મકતા અને કલ્પનાના સંમિશ્રણમાં આ ફોટોશૂટ દર્શકો સમક્ષ બંગાળીની શાશ્વત પરંપરા અને ઉત્સવી ભાવને રજૂ કરે છે।

સંપ્રીતિ અનુષ્મિતા ક્રિશનના કર્ણધાર સુસ્મિતા રાય તેમજ અનુ મૌલિક અને સુતપા સાહાની દેખરેખ હેઠળ દેવી સરસ્વતીની થીમ પર આધારિત આ શૂટનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જયંત દાસગુપ્ત ઉપસ્થિત રહ્યા।

મોડેલોમાં હાજર હતા ટીના પાત્ર, સબનામ સુલતાના, પૌલમી મિત્ર, અનુ મૌલિક, પેખમ કોયાલ, સાયંતી માઈતી, અનિંદિતા રાયચૌધરી, રિમ્પા દે, સુસ્મિતા રાય, સુતપા સાહા અને સ્વર્ણાલી કુંડુ (પુરુષમાંથી સજાવટ દ્વારા દેવી સ્વરૂપમાં રૂપાંતરિત).

મેકઅપ કલાકારોમાં હાજર હતા અમૃતા ચૌહાન, સોન્ટિક નસ્કર, રિતા દાસ, ટુમ્પા ઘોષ, તાપસી વિશ્વાસ, અર્પિતા પાલ, બાબલી પાલ, મૌમિતા દત્તગુપ્ત, નિશુ શાઓ અને દીપ દત્તા અલોકચિત્રકાર તરીકે રાજ ચક્રવર્તીએ ભૂમિકા ભજવી।

સમગ્ર રીતે, આ અલોકચિત્ર પ્રદર્શન માત્ર આંખોને આનંદ આપનારું નથી—આ એક ઊંડો અનુભૂતિસભર અનુભવ છે। સરસ્વતીના આશીર્વાદથી જ્ઞાન, કલા અને સૌંદર્યનો જે સંગમ બંગાળીના રક્તમાં વહે છે, તે દરેક ફ્રેમમાં મૌન રીતે વાત કરે છે। શુભ્રતાની શાંત આવરણમાં મઢાયેલા ચહેરાઓ આપણને ફરી એકવાર મૂળ તરફ લઈ જાય છે, જ્યાં ઉત્સવનો અર્થ માત્ર આયોજન નથી, પરંતુ ભાવનાનો અનુનાદ છે। આધુનિકતાની સ્પર્શ સાથે રચાયેલ આ સર્જનાત્મક પ્રયાસ યાદ અપાવે છે કે



પરંપરા ક્યારેય જૂની થતી નથી; દરેક નવી પેઢીની કલ્પનામાં તે નવેસરથી જન્મ લે છે। આ પ્રદર્શન દર્શકોના મનમાં ગૌરવ, ભાવના અને આત્મપરિચયની એક અનોખી અનુભૂતિ જગાવે છે, જે લાંબા સમય સુધી હૃદયમાં વસીને રહે છે।

# આવાસ – કાચની પેટી કે ઘર?

**સ્થાપત્યના ક્ષેત્રમાં આવાસ માટે જેટલા અખતરા થયા છે તેટલા કદાચ અન્ય કોઈ પણ શ્રેણીના મકાન માટે નહીં થયા હોય. આવાસની રચના માટે એક જુદા જ પ્રકારની સ્વતંત્રતા મળે છે. અહીં સ્થપતિને પોતાની કેટલીક વિચારધારાનું પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવાની સ્વતંત્રતા મળે છે, સાથે સાથે ઘરાક પણ અહીં સીમા બહારના વિસ્તાર સુધી જવા માટે તૈયાર હોય છે. અન્ય કોઈ સંસ્થાકીય મકાનમાં થોડીક ગરબડ પણ લાખો લોકોને અસર કરી શકે તેની અપેક્ષાએ આવાસ એ મર્યાદિત વ્યક્તિઓને લગતી રચના હોવાથી ક્યારેક તેના વિશે એટલી ગંભીરતા નથી પણ રખાતી.**

આવાસ વ્યક્તિગત હોય છે અને તેથી તે સાવ જ અલગ બની શકે તેની સંભાવના હોય છે. પણ આ સમગ્ર પ્રક્રિયામાં અમુક સીમા નિર્ધારિત કરવી જરૂરી છે. સાં કરવું એટલે અલગ જ કરવું તેમ નથી હોતું. દર વખતે અલગ કરવું તેમ પણ નથી હોતું. જે બાબત સ્વીકૃત છે તેના મૂળ અને કારણો ઘણાં ઊંડાં હોય છે. તે પ્રકારનું સ્વીકૃત ઝાડ ઉખાડી લોખંડની પાઈપ વડે નિર્ધારિત થતાં ઝાડ વિશે પ્રશ્નો પુછાય તે સ્વાભાવિક છે.

સ્થપતિ સોઉ ફૂજીમોટો દ્વારા નિર્ધારિત ટોક્યોના શાંત વિસ્તારનું માત્ર ૮૫ ચોરસ મીટરનું ત્રણ માળનું કહી શકાય તેવું સન ૨૦૧૦માં તૈયાર થયેલ આ આવાસ વાસ્તવમાં કાચની પેટી જેવું છે. આ કાચની પેટીને અમુક સંજોગોમાં ઝાડ તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો છે. કંઈક અંશે આ પ્રકારની અનુભૂતિ જોવા પણ મળે છે.





આ આવાસ આજુબાજુના કોન્ક્રીટના ઉપયોગથી બનેલા આવાસથી વિપરીત એક અદમ્ય સાહસ છે. ભાગ્યે જ આવાસ જેવું પ્રતીત થતું આ આવાસ એક અભિપ્રાય પ્રમાણે બાંધકામ માટે બંધાયેલા પાલખ જેવું જણાય છે. આજુબાજુની, પ્રમાણમાં જાપાનની પરંપરાગત કહી શકાય તે પ્રકારની વસાહત વચ્ચે આ ઉમેરો એલિયન જેવો જણાય છે.

સ્થપતિની વાત પ્રમાણે આ આવાસ વૃક્ષની અંદર રહેવાની ભાવના ઉત્પન્ન કરે છે. તેમની અભિવ્યક્તિ પ્રમાણે આ આવાસમાં પક્ષીઓની જેમ આકાશમાં ક્ષણો વિતાવવાની તક ઊભી થાય છે. મારી કલ્પના પ્રમાણે, કોઈ ઝાડ પર જ્યાં સંભાવના હોય ત્યાં સમતલ મંચ બનાવી, એ બધા મંચને પરસ્પર જરૂરિયાત પ્રમાણેના દાદરથી જોડી, સમગ્રતામાં એક આવરણ તૈયાર કરી, પછી જો ઝાડ કાઢી લેવામાં આવે અને જે રચના ઊભરે તે આ આવાસ.

જરૂરિયાત મુજબ નિર્ધારિત જુદી જુદી ઊંચાઈ પર ગોઠવાય ૨૧ ફ્લોર-પ્લેટ, તે બધાને પરસ્પર સાંકળતા વિવિધ દાદર, જે તે સ્થાનની ઉપયોગિતામાં સંભવિત વિવિધતા, સફેદ પાતળી ચોરસ કે લંબચોરસ સ્ટીલની ફ્રેમ વડે બનાવવામાં આવે માળખું, દીવાલ તરીકે વચ્ચે અને બહારની ચારેબાજુ જોડાયેલ મજબૂત અને ઉષ્ણતા-ધ્વનિ અવરોધક કાચની દીવાલો, ગરમ અને ઠંડી ઋતુ માટેની ખાસ વ્યવસ્થા, બુક શેલ્ફ જેવાં રાચરચીલાનો રચનાત્મક ઉપયોગ, તકનીકી અડચણનો સકારાત્મક અને રચનાત્મક ઉકેલ, ચોસલા ગોઠવીને નિર્ધારિત કરાઈ હોય તે પ્રકારની રચના અને સમગ્રતામાં એક રસપ્રદ કમ્પોઝિશનનું નિર્ધારણ – આ આવાસની આ કેટલીક ખાસિયતો છે.

અહીં ગોપનીયતાના પ્રશ્ન છે, અંદર-અંદરના અને બહારના વિશ્વ સાથેના પણ. એમ જણાય છે કે પડદા થકી આ પ્રશ્નનું નિવારણ લવાયું હશે. અહીં આવાસની અંદર અવાજનો પ્રસાર પણ ગોપનીયતામાં અડચણ રૂપ બની શકે. મજાની વાત એ છે કે આ આવાસ યુવાન દંપતી માટે છે. એમ જણાય છે કે આ યુગલ પોતાના આવાસમાં જાણે સતત વિચરતા રહેતાં હોય. આ પ્રકારની એકદમ પારદર્શક રચનાને કારણે આ યુગલ વચ્ચે પરસ્પરનું જોડાણ અનેરું હશે.

અહીં અન્યના અસ્તિત્વની – અન્યની હયાતીની અનુભૂતિ કરવા બીજા કોઈ સ્થાને જવાની જરૂર નહીં હોય. સ્થપતિની માન્યતા પ્રમાણે આ પ્રકારના જીવન દ્વારા યુગલ વચ્ચે પરસ્પર ગાઢ અવકાશી-સંબંધ સ્થપાતો હશે. વાસ્તવમાં આ પ્રકારની રચના ચોક્કસ પ્રકારની જીવનશૈલી કે માનસિકતાને યથાર્થતામાં પ્રતિબિંબિત કરે છે કે નહીં તે માટે પ્રશ્ન પુછાવો જોઈએ.

એક અભિવ્યક્તિ પ્રમાણે અહીં અલગતા પણ છે અને ઐક્ય પણ છે, વિવિધતા છે અને સમરસતા પણ છે, વિવિધ ઓરડાઓ પણ છે અને તેની ગેરહાજરી પણ છે, વિવિધ સ્થાનો વચ્ચે સંલગ્નતા છે અને સાથે સાથે વિશેષતા પણ છે. અહીં એક પ્રકારે ગીચતા છે અને સાથે સાથે ગીચતાની અનુભૂતિથી મુક્તિ પણ અહીં મળી શકે છે.

અહીં ગોઠવણ ક્યાંક કુદરતી રીતે વિકસેલી હોય તેમ જણાય પરંતુ બાંધકામમાં, બાંધકામના પ્રકારમાં તે કુદરતી પણું નાશ પામે છે. અહીં બહારની પરિસ્થિતિ સાથે મજાનું સામીપ્ય છે અને સાથે સાથે વચ્ચે એક અડચણરૂપ દીવાલ પણ છે. અહીં પ્રત્યેક ઓરડાની સીમા નિર્ધારિત નથી છતાં પણ અન્ય સ્વરૂપે તેનું નિર્ધારણ કરાયું છે. પ્રકૃતિના અસ્તિત્વની સતત જાણ રહેતી હોવા છતાં અહીં ક્યાંક કૃત્રિમતા એટલી જ હાવી જણાય છે. અહીં આવાસ છે પણ ખં અને નથી પણ.

એમ જણાય છે કે અહીં આવાસના સૌંદર્ય માટે એક નવો જ અભિગમ અપનાવવામાં આવ્યો છે. એક રીતે જોતાં આ રચનામાં પ્રવાહિતતા છે, નિખાલસતા છે, સુસંગતતા છે, મોકળાશ છે, ખુલ્લાપણું છે, સમાવેશીય નિયમબદ્ધતા છે અને સગવડ ભરેલી સંભાવનાઓ છે. આ સાથે અહીં એક પ્રકારનો વિશ્વાસ દેખાય છે. પ્રકાશથી ભરપૂર આવાસમાં એક પ્રકારની જીવંતતાની અનુભૂતિ પણ થઈ શકે. શહેરની આધુનિકતાને અહીં એક જુદી જ સીમા સુધી લઈ જવાનો પ્રયત્ન છે.

# ઓસાકામાં મળ્યા રિટાયર્ડ સુમો પહેલવાન...









જાપાનના સુમો કોન્સેપ્ટથી આપણે એટલાં પ્રભાવિત છીએ કે કારના મોડેલના નામથી લઈને પેઈન રીલીફ ક્રીમ સુધી, સુમો શબ્દ ગમે ત્યાં વપરાતો દેખાઈ જાય. અને કેમ ન હોય, તે શબ્દને શક્તિ સાથે સાંકળવામાં આવે છે. હવે જાપાનીઝ સુમો ઈવેન્ટમાં જવાનું તો જાપાનનો પ્લાન બનવા સાથે જ નક્કી થઈ ચૂક્યું હતું. કંઈ નહીં તો સુમો ફાઈટ્સ થાય છે તે અરીનામાં તો જઈ આવીશું જ. ઓસાકામાં અમે ટ્રિપનો ખાસ સમય સુમો ફાઈટના અનુભવો માટે રાખેલો. ખાસ નાનપણમાં સ્પોર્ટ્સ ચેનલો ચાલુ થવા સાથે સુમો પહેલવાનો અને તેમની ફાઈટ્સ, તેમનાં કદ, જાપાનમાં શિન્ટો ધર્મ સાથે જોડાયેલી આ સ્પોર્ટની લોકપ્રિયતા મનના કોઈ ખૂણામાં ઘર કરી ગઈ હતી.

સમય સાથે સુમોના રેફરન્સ મર્યાદિત થતા ગયેલા, પણ તેની વાત કોઈ ને કોઈ સંદર્ભે નીકળી જ જતી. તેમાંય શાહરૂખ ખાનની ફિલ્મ 'રબને બના દી જોડી'ને અંતે બંને જાપાન જાય છે ત્યારે સુમો ફાઈટ જોવા પહોંચી જાય છે. અમે જે દિવસે ઓસાકામાં સુમો અરીનાનો પ્લાન બનાવેલો ત્યારે મારો તાવ પણ ઓસરી રહ્યો હતો. કોઈ લાંબી ટ્રિપમાં અત્યાર સુધી આવું વાઈરલ થવાનું પહેલી વાર બન્યું હતું. તેના કારણે પ્લાનમાં થોડા ફેરફાર જરૂર થયા, પણ પૂરતી ઊંઘ, સૂપ અને સાથે લાવેલી દવાઓમાં જ કામ ચાલી ગયું.

જો તે દિવસે તાવ ન ઊતર્યો હોત તો જાપાનીઝ ડોક્ટર અને દવાખાનું પણ જોવા મળી ગયાં હોત. જાપાન સહિત એશિયાના મોટા હિસ્સામાં લોકો સતત કોવિડ પહેલાં અને પછી પણ માસ્ક પહેરીને ફરે છે તેની પાછળનું કારણ જાત અનુભવ સાથે સમજાઈ રહ્યું હતું. તે સમયે મારી ઈમ્યુન સિસ્ટમ ઈન્ફેક્શન સાથે લડીને મને આગળ વધવા ઈશારો કરી રહી હતી.

સુમો ફાઈટ્સની શરૂઆત તો છેક સોળ કે સત્તરમી સદીમાં એડો રાજ દરમ્યાન થઈ હતી. આ સ્પોર્ટની શરૂઆત તો શિન્ટો ધર્મની શ્રાઈન અને મંદિરો બનાવવા નાણાં ભેગાં કરવા માટે થયેલી. મોટાભાગની સ્પર્ધાઓ ત્યારે ચેરિટી માટે જ થતી. સમય જતાં તેની લોકપ્રિયતા દુનિયાભરમાં એવી પહોંચી ગઈ કે આજે તો સુમો રેસલિંગ માત્ર સ્પોર્ટ તરીકે જ નહીં, જાપાનના કલ્ચરના એક અનોખા હિસ્સા તરીકે જોવામાં આવે છે.તેનું એક કારણ એ પણ છે કે સુમોનાં રિચુઅલ્સ, તેના પહેલવાનોને ત્યાંની વિઝુઅલ આર્ટમાં પણ સદીઓથી સ્થાન મળતુ રહ્યું છે. અમુક લોકો તો સુમો રેસલિંગ છેક આઠમી સદી પહેલાં પણ જાપાન દેશની સ્થાપના અને યાયોઈ સમયગાળા સાથે સંકળાયેલી હોવાનું માને છે. તે સમય દરમ્યાન રાજા અને દેશના ધનાઢ્ય પરિવારો સુમો પહેલવાનોને ખરીદીને રમતમાં ઉતારતા.રેસલિંગનું આજનું સ્વરૂપ તો એડો સમય દરમ્યાન જ બહાર આવ્યું હતું. તે સમય દરમ્યાન સુમો રેસલિંગ મેચનાં ચિત્રો લાકડા પર પેઈન્ટ થતાં અને સુવિનિયર તરીકે બધે વેચાતાં. તે કારણસર આ સ્પર્ધા અને તેનો પ્રકાર સાધારણ લોકોમાં પહોંચી ગયો અને લોકપ્રિય બની ગયો હતો. એટલું જ નહીં, રેસલિંગની ટ્રેનિંગ, તેને લગતા નિયમો વગેરે પણ એ જ સમય દરમ્યાન આકાર લેવા લાગ્યાં હતાં.ઓસાકામાં સુમો હોલ હીરાકુઝા છે, ત્યાં મેચ જોવાનું ઓસાકાના ટ્રેડિશનલ અનુભવનો જ મહત્ત્વનો ભાગ છે. અમે ગ્રાન્ડ સુમો માર્ચ ટુર્નામેન્ટની ટિકિટ પહેલેથી જ લઈ ચૂક્યાં હતાં. અને જાપાન જવાનું નક્કી થતાં જ પહેલું બુકિંગ આ શોનું કર્યું હતું. બાકી સુમો ટુર્નામેન્ટ એટલી લોકપ્રિય છે કે ત્યાં પહોંચીને ટિકિટ મળી જશે એ આશામાં ન રહેવું. લાઈવ શો એક્સપિરિયન્સ માટે ઓસાકામાં સેમ ડે ટિકિટની ઘણી લાંબી લાઈન હતી. અમે પહેલેથી જ તૈયાર હતાં.માસ્ક સાથે જ અમે પહેલાં તો અરીનામાં અમારી સીટ પર જઈને બેસી ગયેલાં. આ શોમાં હવે પ્રોફેશનલ રેસલિંગથી રિટાયર્ડ સુમો પહેલવાનો ટૂરિસ્ટ માટે એક સંક્ષિપ્ત ફાઈટ યોજે છે, સાથે સુમોનો ઈતિહાસ, નિયમો અને તેને સંબંધિત ટ્રિવિયા પણ સાંકળી લે છે. એટલું જ નહીં, જો કોઈ મુલાકાતીને રસ હોય તો તે રિંગમાં જઈને થોડા કુશ્તીનાં પેતરા પણ અજમાવી શકે છે. અમે એટલો બધો ઉત્સાહનો ન બતાવ્યો, પણ સુમો મેચને આ રીતે જોવોનો મોકો અમે બરાબર માણ્યો.અમારા હિસ્સે આવેલો રિટાયર્ડ સુમો પહેલવાન ટાકુટો એકદમ ફની અને વાસ્તવિક હતો. તેણે અમને સુમો પહેલવાનો થતા હેલ્થ ઈશ્યુઝ વિશે પણ વાત કરી. સરેરાશ એક સુમોનું વજન ૧૫૦ કિલો હોય અને તેમના ગ્રુપમાં રેકોર્ડ વેઈટવાળો એક ૨૯૦ કિલોનો સુમો પણ થઈ ગયો છે. જોકે તેમને પોતાનું વજન મેઈનટેન કરવા માટે રોજની ૨૦,૦૦૦ કેલરી ખાવી પડે. એટલું જ નહીં, મોટાભાગના સુમોનું વજન વધુ મસલ અને ઓછા ફેટનું બનેલું હોય તેવા પ્રયત્નો રહે છે.

# વિશ્વના સૌથી નાનકડા દેશ વેટિકન સિટીમાં વિશ્વનું સૌથી નાનું આર્મી પણ તહેનાત છે

■ નામ પડતા જ શાળા અભ્યાસ દરમિયાન ભણાવવામાં આવેલી વિશ્વના સૌથી નાનકડા દેશની વ્યાખ્યા યાદ આવી જાય. એનો કુલ વિસ્તાર છે ૧૧૦ એકર. ટૂંકમાં અડધો ચોરસ કિલોમીટર કરતાં પણ થોડો ઓછો વિસ્તાર. વેટિકન સિટીની કેટલીક ખાસિયત જાણવા જેવી છે, જેમકે ૫ અહીં રાજાસત્તાક (મોનાર્કી) શાસનનું ચલણ છે એટલે પોપ (કેથલિક ધર્મસંઘના વડા) સત્તાધીશ છે. એનો સ્વતંત્ર ધ્વજ છે અને પોતાનું રાષ્ટ્રગીત સુધ્ધાં છે. બદનામ રોમન સમ્રાટ નીરો એક જુલમગાર રાજવી હતો અને રોમ જ્યારે ભડકે બળવા લાગ્યું હતું ત્યારે નીરોએ એ માટે ખ્રિસ્તીઓને જવાબદાર ઠેરવ્યા હતા.





આ સિતમગર સમ્રાટે કેટલાય ખ્રિસ્તીઓને શૂળીએ ચડાવી દીધા હતા, જેમાં ઈસુ ખ્રિસ્તના શિષ્ય સેન્ટ પીટરનો પણ સમાવેશ હતો. સેન્ટ પીટર સહિત સેંકડો લોકોને જ્યાં દફનાવવામાં આવ્યા હતા એ જમીન પર અત્યારનું સેન્ટ પીટર્સ બેસિલિકા ચર્ચ ઊભું હોવાની માન્યતા છે. વેટિકન સિટીના આ ચર્ચમાં ઈટાલિયન શિલ્પી માઈકલએન્જેલોની 'પીએટા' નામની કલાકૃતિ અંગેની જાણકારી રસપ્રદ છે.

માઈકલએન્જેલોના બે શિલ્પ ડેવિડ અને પીએટાને વિશેષ ખ્યાતિ મળી છે. ઈસુને વધસ્તંભ પર ચડાવ્યા પછી મધર મેરી તેમને ખોળામાં લઈને બેઠા છે એ દર્શાવતું આ શિલ્પ 'પીએટા' તરીકે ઓળખાય છે. પીએટા એટલે માઈકલએન્જેલોની કણામૂર્તિ. પીએટા એકમાત્ર કૃતિ છે જેમના પર માઈકલએન્જેલોના હસ્તાક્ષર કોતરાયેલા નજરે પડે છે. એની પાછળ એક મજેદાર કહાણી છે.

એક ઈતિહાસકારની નોંધ પ્રમાણે આ કળાકૃતિની ચર્ચમાં સ્થાપના થયા પછી એ શિલ્પકૃતિ જોવા આવેલા કલારસિકો એ જોઈને પ્રભાવિત થયા અને એ કોણે બનાવી હશે એ વિશે ચર્ચા કર્યા પછી એ શિલ્પ ક્રિસ્ટોફર સોલારી નામના શિલ્પીનું જ હોવું જોઈએ એવું અનુમાન તેમણે બાંધ્યું. એ સમયે ત્યાં હાજર રહેલા માઈકલએન્જેલોએ આ વાત સાંભળી. એક રાતે એ ચર્ચમાં છુપાઈને રહ્યા અને પ્રતિમા પર પોતાનું નામ કોતરી નાખ્યું જેથી દુનિયાને ખબર પડે કે પીએટા બીજા કોઈનું નહીં, પણ તેમનું સર્જન છે.

પીંછાવાળી હેલ્મેટ, સુશોભિત કોલર અને વિશિષ્ટ શૈલીની બાંય ધરાવતા ગણવેશમાં સજ્જ વેટિકન સ્વિસ ગાર્ડ્સ સહેલાણીઓને કદાચ એક સમયના રાજ દરબારના વિદૂષક લાગતા હશે, પણ એ લોકોની વેટિકન સિટીમાં હાજરી લોકોને મનોરંજન પૂરૂં પાડવાની નથી. સોળમી સદીના પ્રારંભથી વિશ્વના સૌથી નાના લશ્કરની નામના ધરાવતા આ સ્વિસ સિપાહીઓ નામદાર પોપના અને એમના નિવાસસ્થાનના રક્ષણની તેમ જ વેટિકન સિટીની સરહદની સુરક્ષામાં વ્યસ્ત રહે છે.

રોમન કેથલિક ચર્ચના સર્વોચ્ચ વડા 'પોપ' તરીકે ઓળખાય છે. વેટિકન સિટીના વડા ગણાતા પોપ ઈશ્વરના પ્રતિનિધિ માનવામાં આવે છે. ૫૨૦ વર્ષ પહેલા એટલે કે ૧૫૦૬માં પોપ અને તેમના નિવાસસ્થાનના રક્ષણ માટે સ્વિસ ગાર્ડની પહેલી વાર નિમણૂક કરવામાં આવી હતી. સ્વિસ ગાર્ડની નિયુક્તિ પાછળનું કારણ એમ છે કે સ્વિસ સૈનિકોમાં નિષ્ઠા અને શિસ્ત જેવા ગુણ છલકાતા હોય છે અને લડાયક આવડતમાં નિપુણ ગણાય છે. પોપ પ્રવાસે નીકળે ત્યારે પોપના રક્ષણ માટે એમનો પડછાયો બનીને રહેવાની જવાબદારી આ સૈનિકની હોય છે.

સ્વિસ ગાર્ડ પુરુષ હોય એ ફરજિયાત છે. સિવાય એની નાગરિકતા સ્વિટ્ઝર્લેન્ડની હોવી જોઈએ, ઉંમર ૧૯થી ૩૦ વર્ષની વચ્ચે, ઊંચાઈ ૫ ફૂટ ૮ ઈંચથી વધારે, અપરિણીત અને ખ્રિસ્તી ધર્મ માટે શ્રદ્ધા ધરાવનારો અને નિષ્કલંક ચારિત્ર્ય ધરાવતો હોવો જોઈએ. સ્વિસ મિલિટરીની ટ્રેઈનિંગ ફરજિયાત અને કમ સે કમ બે વર્ષ માટે નામદાર પોપની સેવામાં હાજર રહેવાનું પણ કમ્પલસરી હોય છે. હેલ્બ્રેડ તેમનું પારંપરિક શસ્ત્ર છે, પણ સૈનિકોને મોડર્ન શસ્ત્રો વાપરતા પણ શીખવાવમાં આવે છે.

૧૯૮૧માં પોપ જહોન બીજાને ઠાર કરવાની કોશિશ થઈ એ દિવસથી આત્મરક્ષણ અને આતંકવાદ સામે કેવી રીતે લડવું એ શીખવવા પર જોર આપવામાં આવી રહ્યું છે. વર્ષો સુધી પોપના રક્ષકોની સંખ્યા ૧૧૦ પર સીમિત હતી, પણ ફ્રાન્સ અને યુરોપિયન દેશોમાં કેટલાક આતંકવાદી હુમલાને પગલે ૨૦૧૮માં સૈનિકોની સંખ્યા વધારી ૧૩૫ કરવામાં આવી હતી. સામાન્યપણે ગાર્ડ છ કલાકની શિફ્ટમાં કામ કરતા હોય છે અને વ્યસ્ત દિવસોમાં ૧૨ કલાકની ડ્યૂટી પણ કરવી પડે. દર મહિને ૧૨૦૦ યુરો (આશરે સવા લાખ રૂપિયા) વેતન પેટે મળે.

સ્વિસ નેશનલ મ્યુઝિયમની જાણકારી અનુસાર સ્વિસ ગાર્ડને સૌપ્રથમ આક્રમણનો સામનો ૧૫૨૭માં કરવો પડ્યો હતો. રોમન સામ્રાજ્યના વીસેક હજાર સૈનિકોએ કરેલા હુમલામાં તત્કાલીન પોપની સુરક્ષા કરવા જતા ૧૪૭ સ્વિસ ગાર્ડ હોમાઈ ગયા હતા. પોપ સહિત ૪૨ રક્ષકો છુપા રસ્તે ભાગી જવામાં સફળ તો થયા, પણ અંતે ઝડપાઈ ગયા હતા. છ મહિના બંદી રાખ્યા બાદ પોપને જવા દેવામાં આવ્યા, પણ બચી ગયેલા ૪૨ ગાર્ડને ઠાર કરવામાં આવ્યા હતા. ૧૫૪૮માં ગાર્ડની ફરી નિમણૂક કરવામાં આવી હતી.

સીમા કે સરહદ મનુષ્યને એકમેકથી વિખૂટા પાડવા માટે મનુષ્ય દ્વારા ઊભી કરેલી વ્યવસ્થા છે. આ ભૌગોલિક વ્યવસ્થા સલામતી માટે બે દેશને નોખા તારવે છે. સરહદ પર બેઉ તરફની પ્રજાની સલામતી વિષે સાવધાની રાખવામાં આવે છે. કેટલીક સીમાનો વિસ્તાર ખૂબ લાંબો હોય છે, જેમ કે યુએસએ અને કેનેડા સરહદ આશરે ૮૯૦૦ કિલોમીટર લાંબી છે. લાંબી સરહદોમાં ભારત-બાંગ્લાદેશ સરહદ ૪ હજાર ૧૪૨ કિલોમીટર સાથે પાંચમા ક્રમે છે.

તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૬

# ભ્રષ્ટાચારનું શરમજનક 'સ્તર'

સરકારી કામકાજમાં ભ્રષ્ટાચાર નથી તેવું કોઈ કહે તો તે બાળવાર્તા લાગે. જેમને પ્રત્યક્ષ અનુભવ છે તે તો એમ કહે છે કે, ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી રહ્યું છે. કરોડોનાં કૌભાંડોનાં પ્રકરણ બહાર આવતાં રહે છે. પાનના ગલ્લે કે ચાની કિટલી ઉપર થતી ચર્ચા હોય તો તેને ગંભીર ન ગણાય, પરંતુ ઘટનાઓ જ્યારે નજર સામે આકાર લે છે, ત્યારે ચિંતા, ચિંતન અને ઉકેલ ત્રણેય તરફ દોડવું પડે. આ રાષ્ટ્રવ્યાપી સ્થિતિ છે કોઈ એક રાજ્યમાં, એક પક્ષના શાસનમાં આવું થાય છે તેમ નથી, પરંતુ દાવા બધા કરે છે કે, ભ્રષ્ટાચાર હવે નથી અને બધે આવું થાય છે. ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષમાં કલેક્ટર કક્ષાના ચાર અધિકારી સસ્પેન્ડ થયા છે, જેમાં એકને બાદ કરતાં બધા ઉપર ભ્રષ્ટાચારનો આરોપ અને કાર્યવાહી હતા. સામાન્ય રીતે ક્લાર્ક, મામલતદાર સુધી આવી કાર્યવાહી થતી હોય છે. કોઈ આઈએએસ-આઈપીએસને સસ્પેન્ડ કરવા કે તેમના વિરુદ્ધ બદલી જેવી કાર્યવાહી કરવી તે પણ સહેલું નથી. રાજકોટમાં ટીઆરપી અગ્નિકાંડમાં ૨૫ વ્યક્તિનાં મૃત્યુ થયાં તેમ છતાં જવાબદાર અધિકારીને ફક્ત બદલાવાયા હતા, થોડા સમય પછી તો તેમને સરકારમાં સારાં સ્થાને પણ મૂકવામાં આવ્યા, પરંતુ છેલ્લા કેટલાક સમયની ઘટનાઓ થોડી જુદી છે. સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ સસ્પેન્ડ થયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરે તેમના વિરુદ્ધ એન્ટિ કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ કરી, કાર્યવાહી થઈ અને આખરે તેઓ સસ્પેન્ડ થયા. સુરેન્દ્રનગરના નાયબ મામલતદારના ઘરેથી પણ ૬૭.૫૦ લાખ રૂપિયા રોકડા મળ્યા, સમગ્ર પ્રકરણ ૧૫૦૦ કરોડનું છે. કલેક્ટર સસ્પેન્ડ થાય તે ઘટના નાની નથી, કમનસીબે ગુજરાત માટે નવી નથી. સુરતનાં ડુમસમાં સરકારી જમીન કોઈ અન્ય વ્યક્તિના નામે કરી ૨૦૦ કરોડનું કૌભાંડ આચર્યાનો આક્ષેપ જેમના ઉપર હતો તે વલસાડના કલેક્ટર સુરત હતા, ત્યારે જમીનનું આ કૌભાંડ થયું હતું. તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. આણંદના કલેક્ટરનું પણ સસ્પેન્શન થયું. અલબત્ત, કારણ ભ્રષ્ટાચાર નહોતું. જો કે, આખરે તો તે કાર્ય પણ હોદ્દાનો જ દુરુપયોગ હતું. સુરતના પૂર્વ કલેક્ટર કે. રાજેશની સામે પણ હથિયાર લાયસન્સ અને જમીન કૌભાંડ અંગે સીબીઆઈએ કાર્યવાહી કરી પછી તેઓ સસ્પેન્ડ થયા હતા. જૂનાગઢના કલેક્ટર વી.જે. રાજપૂત ગેરરીતિને લીધે સસ્પેન્ડ થયા હતા. જેને સરકારી સેવક-ગવર્નમેન્ટ સર્વન્ટ એવું વિશેષણ અપાયું છે તેવા આ અધિકારીઓ સસ્પેન્ડ થયા છે. આઈએએસ સામે આવી કાર્યવાહી કરતાં પહેલાં નક્કર પુરાવા, સઘન તપાસ જરૂરી છે. જો ઉચ્ચ અધિકારી પણ આ રીતે વિવિધ એજન્સીના, તપાસ કરનારના ધ્યાને આવી જતા હોય તો સરકારમાં વિવિધ સ્તરે તો કેવો ભ્રષ્ટાચાર ચાલતો હશે? સરકાર એમ કહે કે, આખરે ભ્રષ્ટ અધિકારી સામે પગલાં તો લેવાય છે. તે વાત સાચી છે, પરંતુ હવે ભ્રષ્ટાચાર નથી થતો, ઓછો થઈ ગયો છે તેવું નથી. ક્યાંક ૨૦૦ કરોડ, ક્યાંક ૧૫૦૦ કરોડ... આ રકમ કેટલી તોતિંગ છે ! પ્રજાતંત્રમાં તંત્ર પ્રજાને આ રીતે રંજાડે એ સ્થિતિ સારી નથી. લાંચ આપનારાઓએ પણ સુધરવું પડશે, સ્થિતિ સુધારવી હોય તો.

## જર્મન ચાન્સલરની ભારત મુલાકાત મહત્ત્વાકાંક્ષી

ગુજરાત કચ્છ-સૌરાષ્ટ્ર વાયબ્રન્ટનાં આયોજન સાથે ગતિશીલ છે. એવામાં જર્મનીના ચાન્સલર ફ્રેડરિક મર્ઝ સોમવારે ૧૨મીએ ભારતની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. આજે વૈશ્વિક શક્તિ સંતુલન ઝડપથી બદલાઈ રહ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધખોર અભિગમ સાથે સ્વાર્થભરી રાજનીતિ પર ઊતરી આવ્યા છે, એવામાં જર્મની જેવા વિકસિત રાષ્ટ્ર સાથે ભારત દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માગે એ સ્વાભાવિક છે. ભારત-જર્મની રણનીતિક ભાગીદારીની રજત જયંતી આવી રહી છે. ફ્રેડરિક મર્ઝની પ્રથમ સત્તાવાર મુલાકાત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આતુર છે. શ્રી મોદી અમદાવાદમાં પ્રોટોકોલ મૂકીને પોતે ચાન્સલરને આવકારવા જવાના છે. બંને નેતાની શિખર બેઠકમાં ૨૫ વર્ષની ભાગીદારીના સમીક્ષા ઉપરાંત સંરક્ષણ સહયોગ, વૈશ્વિક સુરક્ષા, વેપાર-કારોબાર, ટેક્નોલોજી પર ભાર મૂકવામાં આવશે. તદ્ઉપરાંત ભારત અને યુરોપીય સંઘ મુક્ત વ્યાપાર સમજૂતી (એફટીએ)ને આગળ વધારવાની બાબતે હાથ પર લેવાશે એવી ધારણા છે. જર્મની યુરોપનો ટેક્નોલોજી સંપન્ન સમૃદ્ધ દેશ છે. બીજા દેશ વચ્ચેના ગાઢ સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવાની દિશામાં મોદી-મર્ઝની આ બેઠક મહત્ત્વપૂર્ણ, નિર્ણાયક બની રહેશે, તેવું સમજાઈ રહ્યું છે. દુનિયા બે દિગ્ગજ દેશના નેતાઓ વચ્ચે નિર્ધારિત બેઠકનો મુખ્ય એજન્ડા આઠ અબજ ડોલર એટલે કે, લગભગ ૬૬ હજાર કરોડ રૂપિયાની સબમરીન સમજૂતીનો રહેશે. આ ભારતની અત્યાર સુધીની સૌથી મોટી સંરક્ષણ સમજૂતી બની શકે છે. પહેલીવાર સબમરીન નિર્માણ પર ટેક્નોલોજી ટ્રાન્સફરને પણ સામેલ કરાશે. ભારતમાં જર્મનીના રાજદૂત ફિલિપ એકરમેને કહ્યું છે કે, ભારત જર્મની માટે એક ભરોસાપાત્ર ભાગીદાર બની ચૂક્યું છે. ભારત અને જર્મનીની રણનીતિક ભાગીદારી શાંતિ-સુરક્ષા, વિજ્ઞાન, ટેક્નોલોજી, સમૃદ્ધિ તેમજ જનસંપર્કના ચાર મુખ્ય સ્તંભ પર મજબૂત રીતે ઊભી છે. નાટો અને યુરોપીય સંઘની બહાર મર્ઝની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત એ બંને દેશ વચ્ચે ઊંડી બનતી જતી દ્વિપક્ષીય ભાગીદારીનો ભારે મજબૂત સંકેત છે. મર્ઝને અમદાવાદમાં આમંત્રિત કરવા એ પોતાનાં ગૃહરાજ્યમાં બોલાવી, જર્મન ચાન્સલરના ઉષ્માભર્યા આવકારની વડાપ્રધાન શ્રી મોદીની અદ્ભુત ચેષ્ટા છે, તેવું જર્મન રાજદૂત એકરમેને કહ્યું છે. ચાલુ મહિનામાં જ ભારત અને યુરોપીય સંઘ વચ્ચે નિર્ધારિત શિખર બેઠક પહેલાં જર્મન ચાન્સલર ભારત પ્રવાસે છે, ત્યારે મુક્ત વેપાર કરાર પર મોહર મારવાની આ અદ્ભુત તક છે. જર્મની પણ આ કરારનું મજબૂત સમર્થક રહ્યું છે. સંરક્ષણ, વેપાર સહિત ક્ષેત્રોમાં શાંતિ-સંપપૂર્વક સહકાર વધારવાના ઉમદા હેતુ સાથે જર્મન ચાન્સલરની ભારત મુલાકાત મહત્ત્વપૂર્ણ બની રહેશે.

**માટે સૌથી મોટા નેતા છે. દુનિયાભરના શિયાઓ ખામેનેઈનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હોય છે.**

# ઈરાનમાં બે આખલાની લડાઈમાં પ્રજાનો ખો

### ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી દેખાવો ચાલી રહ્યા છે અને હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં છે.

અમેરિકા વેનેઝુએલા પર હુમલો કરીને પ્રમુખ નિકોલસ માદુરોને અમેરિકા ઉઠાવી લાવ્યું તેની બબાલ મટી નથી ત્યાં ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. બે આખલાની લડાઈમાં ઝાડનો સોથ નિકળે એમ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈની લડાઈમાં ઈરાનની પ્રજાનો ખો નિકળી રહ્યો છે.

ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી દેખાવો ચાલી રહ્યા છે અને હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં છે. દુનિયામાં સૌથી વધારે શિયા મુસલમાનોની વસતી ધરાવતા ઈરાનમાં અયાતોલ્લા ખામેનેઈ સુપ્રીમ લીડર છે અને મુસ્લિમ કાયદાઓ પ્રમાણે શાસન ચાલે છે તેથી યંગસ્ટર્સને ગૂંગળામણ થાય છે. અમેરિકાએ મૂકેલા નિયંત્રણોના કારણે ઈરાનમાં બધી ચીજો પણ મળતી નથી. તેના કારણે મોંઘવારી વધી તેથી પણ લોકો ભડક્યાં છે. બલકે અમેરિકાએ ભડકાવ્યાં છે અને ખામેનેઈની સામે પ્રચંડ આંદોલન ઊભું કરી દીધું છે.

અમેરિકાએ કટ્ટરવાદી શિયાઓ જેમને ભગાડીને સત્તા પર આવેલા એ ઈરાનના શાહ મોહમ્મદ રેઝા પહેલવીના દીકરા રેઝા પહેલવીને પણ સક્રિય કરી દીધા છે. રેઝા પહેલવી લાંબા સમયથી ઈરાનમાં સત્તા કબજે કરવા મથે છે પણ ખામેનેઈના લોખંડી સકંજામાંથી ઈરાનને છોડાવવામાં સફળ થયા નથી. હવે તક મળતાં પહેલવી પણ પૂરી તાકાત સાથે કૂદી પડ્યા છે અને રેઝા પહેલવીના સમર્થકોએ હિંસાને ભડકાવવામાં મોટું યોગદાન આપ્યું છે.

અમેરિકા જેમને ઘરભેગા કરવા મથે છે એ ખામેનેઈ છેલ્લાં ૩૭ વર્ષથી ઈરાનમાં એકહથ્થુ સત્તા ભોગવે છે. તેમની સામે અનેક પડકારો ઊભા થયા, અમેરિકાએ તેમને ઘરભેગા કરવા ને પતાવી દેવા પણ જાત જાતનાં કાવતરાં કર્યાં પણ ખામેનેઈ ટકી ગયા છે. હવે થોડાક હજાર યંગસ્ટર્સ રસ્તા પર ઊતરીને દેખાવો કરે તેના કારણે પોતે સત્તા છોડવી પડે એ ખામેનેઈને પસંદ ના જ પડે તેથી ખામેનેઈએ આર્મી અને પોલીસને પૂરી તાકાતથી દેખાવો અને વિરોધને કચડી નાખવા ફરમાન કરી દીધું તેમાં ઈરાનમાં લાશો પડી રહી છે.આર્મીના જવાનો અને પોલીસ જે સામે દેખાય તેને ગોળીએ દઈ રહ્યાં છે તેમાં અત્યાર સુધીમાં ૫૦૦ જેટલાં સામાન્ય લોકોની લાશો પડી ગઈ છે. દેખાવકારો પણ હથિયારો લઈને મુકાબલો કરવા મથે છે તેથી ૪૮ સુરક્ષાકર્મીઓ પણ માર્યા ગયા છે. અલબત્ત આર્મી અને પોલીસ પાસે લોકો કરતાં વધારે જ હથિયારો હોય તેથી લોકો વધારે મરી રહ્યાં છે.અમેરિકાને ઈરાન સાથે વરસોથી વાંધો છે અને આ વાંધાના મૂળમાં અમેરિકાનાં આર્થિક હિતો છે. ઈરાનમાં પહેલાં રાજાશાહી હતી અને શાહનું શાસન હતું. શાહ અમેરિકાના પીઠ્ઠુ હતા તેથી અમેરિકાને તેમના શાસનમાં ઘી-કેળાં થઈ ગયેલાં. શાહના શાસનમાં ઈરાનમાં અમેરિકનો પડ્યા પાથર્યા રહેતા હતા. તેની સામે અસંતોષ ઊભો થયો ને ક્રાંતિ થઈ પછી શિયા કટ્ટરવાદીઓનું શાસન આવ્યું તેમાં અમેરિકાનો ગરાસ લૂંટાઈ ગયો. ઈરાનના સુપ્રીમ લીડર બનેલા ખોમેનીએ અમેરિકાની કંપનીઓને લાત મારીને તગેડી મૂકી પછી અમેરિકાએ ખોમેનીને તગેડવા સદ્દામ હુસૈનને ઊભા કરીને ઈરાન-ઈરાક યુદ્ધ કરાવ્યું પણ ઈરાન ટકી ગયું કેમ કે ઈરાન પાસે ક્રૂડ ઓઈલની જંગી કમાણી છે. ખોમેની પછી આવેલા ખામેનેઈ વધારે ખતરનાક નિકળ્યા તેમાં અમેરિકા લાખ ધમપછાડા પછી પણ ઈરાનનો લૂંટાયેલો ગરાસ પાછો નથી મેળવી શક્યું તેથી છાસવારે લોકોને ભડકાવવાના કારસા કરે છે. અત્યારે ફાટી નીકળેલી હિંસા તેનું જ નવું પ્રકરણ છે.અમેરિકા ધમકીઓ આપ્યા કરે છે પણ વેનેઝુએલાની જેમ ઈરાન પર આક્રમણ કરી દેતું નથી તેનું કારણ પરમાણુ શસ્ત્રોનો ડર છે. ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને ગુપ્ત રાખવામાં સફળ રહ્યું છે પણ અમેરિકા હુમલો કરે તો પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી નાખે એવી અમેરિકાને આશંકા છે. ઈરાન સત્તાવાર રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં હોવાનો ઈનકાર કરે છે પણ અમેરિકાને લાગે છે કે, ઈરાને બહુ પહેલાંથી પરમાણુ શસ્ત્રો વિકસાવી લીધાં છે. ઈરાને ૧૯૯૦ના દાયકામાં પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમના પિતામહ મનાતા ડૉ. અબ્દુલ કાદિરની મદદથી પરમાણુ શસ્ત્રો વિકસાવી લીધાં હોવાનું કહેવાય છે.

અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે બહુ ધમપછાડા કરી જોયા પણ ઈરાનને રોકી શક્યું નથી. ઈરાનના પરમાણુ મથકોની વારંવાર તપાસથી માંડીને આર્થિક પ્રતિબંધો સુધીના બધા દાવ અમેરિકાએ અજમાવી જોયા પણ ઈરાનને નાથી શક્યું નથી. ઈરાન પર જાત જાતનાં આર્થિક નિયંત્રણો અત્યારે પણ લદાયેલાં છે. ઈરાકના ક્રૂડ ઓઈલની ખરીદી કરવા પર તો સંપૂર્ણ પ્રતિબંધ છે. ભારત પહેલાં ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતું હતું. તેના બદલામાં ઈરાન ભારત પાસેથી ઘઉં અને બીજી ચીજો લેતું તેથી ભારત માટે ઈરાન સાથેનો ક્રૂડનો વ્યાપાર બહુ ફાયદાકારક હતો.અમેરિકાએ ઈરાનનું નાક દબાવવા માટે ભારત સહિતના દેશો સાથેનો વ્યાપાર બંધ કરાવી દીધો છે. તે?ના કારણે ઈરાન આર્થિક ભીંસમાં આવી જશે એવું અમેરિકાને લાગતું હતું પણ એવું ના થયું અને ઈન્ટેલિજન્સ રીપોર્ટ પ્રમાણે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ખાનગીમાં ધમધોકાર ચાલી રહ્યો છે. આ કારણે જ અમેરિકા ઈઝરાયલને ચાવી મારીને ઈરાન પર નાના નાના હુમલા કરાવ્યા કરે છે પણ અમેરિકા ઈરાનને સીધું છંછેડતું નથી કે મોટો હુમલો કરતું નથી.અમેરિકાનો ડર અકારણ પણ નથી. ઈરાનમાં કટ્ટરવાદી શિયાઓનું રાજ છે. દુનિયામાં શિયાઓનું શાસન હોય એવો ઈરાન એક માત્ર દેશ છે તેથી ઈરાનના સર્વેસર્વા ખામેનેઈ દુનિયાભરના શિયા મુસ્લિમો

માટે સૌથી મોટા નેતા છે. દુનિયાભરના શિયાઓ ખામેનેઈનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હોય છે. ઈરાનમાંથી સત્તા જાય તો ખામેનેઈનો કોઈ ભાવ ના પૂછે અને દુનિયાના કોઈ અંધારિયા ખૂણામાં સબડ્યા કરવું પડે તેથી ખામેનેઈ પોતાનું સામ્રાજ્ય સાચવવા માટે કોઈપણ હદે જઈ શકે. હું તો મરું પણ તનેય રાંડ કરું એવું નક્કી કરીને અમેરિકા સામે પરમાણુ શસ્ત્રો પણ વાપરી શકે.

આ ખતરો ટાળવા અમેરિકાએ ઈરાનમાં ખામેનેઈના શાસન સામે લોકોમાં જ અસંતોષ પેદા કરીને સત્તાપલટાનો સલામત રસ્તો અપનાવ્યો છે કેમ કે તેમાં અમેરિકાએ કશું ગુમાવવાનું નથી. અમેરિકા પાસે નાણાંની કમી નથી તેથી નાણાં વેરીને પોતાના ટટ્ટુઓને રસ્તા પર ઉતારીને અરાજકતા અને અંધાધૂંધી ઊભી કરી દીધી છે. સામે ખામેનેઈ પણ સત્તા ટકાવવા માટે મરણિયા બન્યા છે તેથી પોતાની સામે પડેલાંને પતાવી દેવા પર ઉતરી આવ્યા છે. ખામેનેઈને કોઈ રોકી શકે તેમ નથી એ જોતાં હજુ કેટલાં લોકોની લાશો પડશે એ ખબર નથી ને આ લડાઈ ક્યારે પતશે એ પણ ખબર નથી.

**આ સદીના આરંભે કચ્છે મોટો ભૂકંપ ઝેલ્યો. સૌરાષ્ટ્રમાં વારંવાર દુષ્કાળ પડતો પરંતુ આ પ્રદેશે પરિશ્રમથી પોતાનું ભાગ્ય બદલ્યું છે.**

# સૌરાષ્ટ્ર-કચ્છ આશા નહીં, વિકાસના વિશ્વાસની ભૂમિ

- સૌરાષ્ટ્ર-કચ્છ એ ક્ષેત્ર છે જે શીખવે છે કે પડકારો ગમે તેટલા મોટા હોય તો પણ મહેનત કરીએ તો સફળતા મળે. આ સદીના આરંભે કચ્છે મોટો ભૂકંપ ઝેલ્યો. સૌરાષ્ટ્રમાં વારંવાર દુષ્કાળ પડતો પરંતુ આ પ્રદેશે પરિશ્રમથી પોતાનું ભાગ્ય બદલ્યું છે.

રાજકોટમાં યોજાયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સ- સમિટ' સૌરાષ્ટ્ર-કચ્છના વિકાસની દિશામાં મક્કમ, વેગવાન પગલું સાબિત થશે તેવું કહેવું અતિરેક ભર્યું નથી. બે દિવસમાં અહી ૫૪૯૨ એમઓયુ થકી ૫.૭૮ લાખ કરોડના રોકાણ પ્રસ્તાવ આવ્યાની સત્તાવાર જાહેરાત થઈ છે. આંકડાને આધાર માનીએ તો સૌરાષ્ટ્ર માટે આકાશ નહીં પરંતુ હવે અંતરીક્ષ જ મર્યાદા છે. ચર્ચા એવી થતી હોય કે જે વેપાર સમજૂજી કરાર થાય તેમાંથી કેટલું સાકાર થશે? કેટલી યોજનાઓ કાગળ ઉપરથી વાસ્તવમાં આવશે? ઉદ્યોગ ક્ષેત્રે સૌરાષ્ટ્રની આવતીકાલ અને આવતીકાલના સૌરાષ્ટ્રનું ઉદ્યોગક્ષેત્ર આ કોન્ફરન્સ પછી ઘણા બદલાઈ જશે તેવી આશા સેવી શકાય તેમ છે. કોન્ફરન્સને સરકારી આયોજન કે રાજકીય દૃષ્ટિથી જોવાને બદલે તેને સમગ્રતયા જોવાની જરૂર છે. રાજકોટની ધરતી ઉપર ૨૦૨૬ની શરૂઆતમાં એક નોંધપાત્ર ઘટનાએ આકાર લીધો તેવું ચોક્કસ કહી શકાશે. અત્યાર સુધી એવી છાપ જગતમાં છે કે ગુજરાતમાં નોંધપાત્ર અને મોટા ગજાના ઉદ્યોગ તો મધ્ય-ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં જ છે. આમાં કંઈ ખોટું પણ નથી પરંતુ આ મોટા ઉદ્યોગોને સૌરાષ્ટ્રના નાના ગણાતા ઉદ્યોગોએ મોટા કર્યા છે તેવું વાઈબ્રન્ટ કોન્ફરન્સના વિવિધ ડોમ જોતાં જાણી શકાય. ઓટો પાર્ટ્સ, મશીનટુલ્સ, સીએનસી જેવા ઉદ્યોગોથી સૌરાષ્ટ્ર ધબકે છે. અહીના ઉદ્યોગકારોના કૌશલ્ય, પ્રતિબદ્ધતામાં કોઈ ખોટ નથી. ખૂટે છે તો માર્કેટિંગ- પ્રચાર. જેને વૈશ્વિક ફલક કે મંચ કહેવાય તે આ ઉદ્યોગોને ઓછા અને મોડા મળ્યા. આ કોન્ફરન્સથી હવે તે શક્ય બન્યું છે. વીજીઆરસી- વાયબ્રન્ટ ગુજરાત રીજિયોનલ કોન્ફરન્સ રાજકોટમાં યોજાઈ તેની તાત્કાલિક ઉપલબ્ધિઓ પણ ઓછી નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વયં તેનું ઉદ્ઘાટન કર્યું તેથી સમગ્ર આયોજનની ઊંચાઈ અને વ્યાપ બન્ને વધી ગયા. દેશના પ્રથમ પંક્તિના ઉદ્યોગગૃહોના ફક્ત પ્રતિનિધિઓ જ નહીં તેના વડા- મુખ્ય વ્યક્તિઓ આ નિમિત્તે રાજકોટમાં આવ્યા તેમણે કેટલાક કલાક અહી ગાળ્યા. રિલાયન્સ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણી અહી ઉપસ્થિત રહ્યા, સૌને પ્રભાવિત કરતું વક્તવ્ય તેમણે આપ્યું તેમાં કહ્યું કે રાજકોટ તેના નામ અનુસાર કિંગ સિટી છે. ગુજરાત રિલાયન્સ માટે શરીર, હૃદય અને આત્મા છે. કુલ સાત લાખ કરોડ રૂપિયાના રોકાણની તેમણે તૈયારી દર્શાવી. વિરાટ અને વિશિષ્ટ યોજનાઓ વિશે ટૂંકમાં વિગત આપી. અદાણી ગ્રુપના કરણ અદાણીએ પણ ભારત-ગુજરાતના વિકાસથી અદાણી ગ્રુપ ઓફ કંપનીઝનો વિકાસ અલગ નથી તેમ કહીને પોતાની પ્રતિબદ્ધતાની વાત કરી. દેશના ૪૦ ટકા કાર્ગોનું પરિવહન બંદરો થકી થાય છે ત્યારે બંદરના વિકાસ માટે પોતાની કંપની શું કરી રહી છે તે કહીને કચ્છને પરિવર્તનનું મોટું માધ્યમ ગણાવ્યું. ૧.૫ લાખ કરોડના રોકાણની જાહેરાત તેમણે પણ કરી. વેલસ્પન ગ્રુપના બી.એ. ગોએન્કાએ પણ ગુજરાત-કચ્છને ઉદ્યોગક્ષેત્રે અગત્યનું મથક ગણાવ્યું. વડાપ્રધાનની ઉપસ્થિતિમાં, ઉદ્યોગ ક્ષેત્રના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ વચ્ચે રાજકોટના પરાક્રમસિંહ જાડેજાએ જે વાત કરી તે સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગતનું પ્રતિનિધિત્વ હતું. તાત્પર્ય એ છે કે સૌરાષ્ટ્ર ઉદ્યોગક્ષેત્રે નથી તો પછાત કે નથી ત્યાં શક્યતાની ખોટ તેવું આ અગ્રીમ ઉદ્યોગપતિઓએ કહ્યું જેને એક રીતે પ્રમાણપત્ર માની શકાય. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા ઉપરથી પોતે જ કહેલા શબ્દોનું સ્મરણ કરીને કહ્યું કે રાષ્ટ્રની જેમ સૌરાષ્ટ્રમાં પણ રોકાણ માટે 'યહી સમય હૈ, સહી સમય હૈ.' વાયબ્રન્ટની આખી યાત્રા તેમણે વક્તવ્યમાં વર્ણવીને કહ્યું કે હવે આ સમીટ આધુનિક ભારતની યાત્રા છે. વાયબ્રન્ટ ગુજરાત ફક્ત રોકાણનો વિષય નથી રહ્યો હવે આ વૈશ્વિક ભાગીદારી, વૈશ્વિક વિકાસ તથા આંતરરાષ્ટ્રીય સહયોગનો મોટો મંચ છે. વાયબ્રન્ટ ગુજરાતને વડાપ્રધાને સર્વસમાવેશકતા (ઈન્કલુઝન)નું પ્રતીક સૌરાષ્ટ્રની ધરતી ઉપરથી કહી એક અર્થ એવો તારવી શકાય કે વીસ વર્ષમાં વાયબ્રન્ટની દસ આવૃત્તિનું પરિણામપત્રક રાજકોટમાં જાહેર થયું. બે દાયકામાં આ યાત્રા વૈશ્વિક ઓળખ બની તેવું તેમણે કહ્યું. જે સૌરાષ્ટ્ર ઉદ્યોગ ક્ષેત્રે ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે તેવી વાત હતી તેના માટે વડાપ્રધાને કહ્યું કે સૌરાષ્ટ્ર-કચ્છ એ ક્ષેત્ર છે જે શીખવે છે કે પડકારો ગમે તેટલા મોટા હોય તો પણ મહેનત કરીએ તો સફળતા મળે. આ સદીના આરંભે કચ્છે મોટો ભૂકંપ ઝેલ્યો. સૌરાષ્ટ્રમાં વારંવાર દુષ્કાળ પડતો પરંતુ આ પ્રદેશે પરિશ્રમથી પોતાનું ભાગ્ય બદલ્યું છે. આ સૌરાષ્ટ્રને મળેલું પ્રમાણપત્ર છે. વડાપ્રધાનના વાયબ્રન્ટ કોન્ફરન્સના પ્રવચનમાં અગત્યની વાત એ રહી કે તેમણે સૌરાષ્ટ્રને અવસરોનું જ નહીં પરંતુ આત્મનિર્ભર ભારતની વિભાવનાને ગતિ આપનારું ક્ષેત્ર કહ્યું. ઓછી કિંમતે થતાં ઉત્પાદન કે સ્થાપાતા ઉદ્યોગથી શરૂ કરીને હવે હાઈ ટેક્નોલોજીની વેલ્યૂચેઈનને આ ક્ષેત્ર સહયોગ કરે છે તેવા ઉદ્ગાર સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોની પીઠ થાબડનારા હતા. રાજકોટના એમએસએમઈ, મશીનટૂલ્સ, આભૂષણોનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે ગુજરાતના દરેક પ્રાંતને તેની વિશેષતા છે ક્યાંક દરિયાકિનારો છે ક્યાંક આદિવાસી પટ્ટી છે ક્યાંક પરંપરાગત કુટિર ઉદ્યોગો છે. આ રીજનલ વિશેષતાઓ જ આ રીજનલ સમિટનું હાર્દ છે. ભારતમાં અત્યારે કેન્દ્ર સરકાર રીફોર્મ, ટ્રાન્સફોર્મ અને પરફોર્મની ફોર્મ્યુલા ઉપર કામ કરી રહી છે. આ રિફોર્મ એક્સપ્રેસ અટકવાની નથી. આનો સીધો અર્થ એ છે કે રાષ્ટ્રના વિકાસ માટેનો સ્પષ્ટ નકશો તેમની પાસે છે અને તે નકશામાં સૌરાષ્ટ્ર-કચ્છ હવે ઝીણા નહીં પરંતુ બોલ્ડ અક્ષરે દેખાઈ રહ્યું છે. જે 'એમઓયુ' થયાં છે તેને સાકાર થતાં સમય શક્ય તેટલો ઓછો લાગે તો સારું, પરંતુ આજે તો એટલું કહી શકાય કે સૌરાષ્ટ્રના ઉદ્યોગક્ષેત્રને અને ઉદ્યોગોમાં સૌરાષ્ટ્ર ક્ષેત્રને નોંધપાત્ર સ્થાન-માન મળ્યું છે જેનું નિમિત્ત આ વાયબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ છે.

**અડધી ચાના દસ રૂપિયા કે પાંચ રૂપિયાની કોથમીર માટે ઓનલાઇન પેમેન્ટ ચલણી બન્યું છે.**

# ભૂકંપની ગોઝારી યાદમાંથી થોડું ચૂંટેલું...

- **તારાજ થઇ ગયું છે. ગામમાં સમ ખાવા પૂરતી એકપણ આખી દીવાલ બચી નથી. વક્રતા કેવી ધરતીકંપ પહેલાંના યુગમાં ભચાઉ વિસ્તાર કચ્છનો ઔધોગિક રીતે વિકસિત લેખાતો, પણ ધરતીકંપ આવ્યો ને ચોમેર મોતની કાલિમા પથરાઇ.**

૨૦૦૧ના ધરતીકંપને યાદ કરીએ તો કચ્છમાં કેટલીય નિતનવી ગાથા આલેખાયેલી જોવા મળે... આવો વિનાશ સદીમાં જોયો નહોતો... અને આજે પચ્ચીસ વર્ષે સૌ કહી રહ્યા છે... આવો વિકાસ કોઇએ કલ્પ્યો નહોતો... કચ્છ દેશનો ધબકતો જિલ્લો બની ગયો છે. અનોખું અથવા તો અભૂતપૂર્વ શું થયું એ જોઇએ. દેશ – દુનિયામાંથી કચ્છ તરફ સહાનુભૂતિનો ધોધ વહ્યો હતો. એ સહાનુભૂતિ – ભૂતાંડવનાં દશ્યોએ સંવેદનાનું મોજું જગાવ્યું... જે બચાવ – રાહત અને નવસર્જન કામગીરીમાં પરિવર્તિત થયું. – બેન્કોએ સર્જ્યો વિક્રમ : આજે ડિજિટલ જમાનો છે. બેન્કિંગ વ્યવહાર અથવા તો લેવડ – દેવડ મોબાઇલનાં માધ્યમથી થઇ રહી છે. અડધી ચાના દસ રૂપિયા કે પાંચ રૂપિયાની કોથમીર માટે ઓનલાઇન પેમેન્ટ ચલણી બન્યું છે. ભૂકંપ પછી સરકારી સહાય, મકાન સહાય, મૃત્યુ સહાય, ઈજા સહાય લાભાર્થીનાં ખાતાંમાં જમા થાય એવો નિયમ થયો અને બેન્કોએ કચ્છમાં ટૂંકા ગાળામાં લાખો નવાં ખાતાં ખોલીને વિક્રમ સર્જ્યો હતો. વિનાશની પ્રથમ વરસીએ કચ્છમિત્રએ પ્રસિદ્ધ કરેલા સંચયમાં નોંધાયું છે કે કચ્છની લીડ બેન્ક દેનાબેન્કે એક વર્ષમાં ૫૫ હજાર અને એ સમયની ગ્રામીણ બેન્કે ૭૦ હજાર નવાં ખાતાં ખોલ્યાં હતાં. બીજી રાષ્ટ્રીયકૃત બેન્કોની કામગીરી જોઇએ તો એક જ વર્ષમાં કચ્છમાં બે લાખથી વધુ નવાં એકાઉન્ટ્સ ખુલ્યાં હતાં, જે એક રાષ્ટ્રીય વિક્રમ હતો. – કેવો હતો માહોલ ? : આજે યુવાવસ્થામાં પહોંચેલી પેઢીને ધરતીકંપની ભીષણતાનો અંદાજ ન હોય એ સ્વાભાવિક છે. નિઃસંદેહ આજે જાગૃતિ આવી છે. કચ્છમાં ઘણાંખરાં મકાનો ભૂકંપપ્રૂફ ડિઝાઇન મુજબ બન્યાં છે. (એવું જ હોય તેવી આશા.) કચ્છમિત્રના એ દિવસોના અંકો પર નજર કરીએ એટલે યાદોની ભૂતાવળ જાગે છે... તત્કાલીન ઓન ધ સ્પોટ અહેવાલોના સારાંશ અત્યારના જનાદેશ માટે તાજા કર્યા છે. પહેલી ફેબ્રુઆરી, ૨૦૦૧ના અંકમાં નિમિષ વોરાનો અહેવાલ છે, 'અડધી સદીમાં ભયાનક ભૂકંપની બીજી કારમી થપાટ ખાધા પછી ઐતિહાસિક અંજાર મોટાભાગનું નષ્ટ થઇ ચૂક્યું છે. બચાવ – રાહત કામગીરીની જવાબદારી રિલાયન્સે સંભાળી છે. કાટમાળમાંથી બહાર કાઢવાનાં અભિયાન દરમ્યાન ૨૬મીના પ્રભાતફેરી વખતે દટાઇ ગયેલા છાત્રો પૈકી ૩૫ જીવિત નીકળ્યા છે... અંજાર પંથકના ૪૦૦૦ મૃતદેહ કાઢી શકાયા છે. ૭૮ ગામ ખુંવાર થયાં છે. ૮૦ ટકા શહેર નષ્ટ થઇ ચૂક્યું છે. ૧૯૫૬માં ભૂકંપ વખતે જે વિસ્તાર ચપેટમાં આવ્યો હતો, એ જ વિસ્તારમાં ફરી કાળચક્ર ફરી ગયું છે.' અંજારવાસીઓ માને છે કે એ વખતે રિલાયન્સ કંપનીએ નગરનું રિલોકેશન કરીને ટાઉનપ્લાનિંગ સાથે નવી જગ્યાએ નવાં શહેરનું નિર્માણ કરવાની તૈયારી દર્શાવી હતી. મતભેદને લીધે એવું ન થઇ શક્યું... આજે અંજાર એ જ ગીચતા – ભીડભાડમાં વીટળાયેલું છે. નિઃસંદેહ અંજાર આજે પૂર્વ કચ્છનું ધમધતું નગર છે. આસપાસના વિસ્તારનું વેપાર-ખેતી-વ્યવસાયનું મથક ભુજ વધુ પથરાયું એવું અંજાર માટે પણ થઇ શક્યું હોત. – ભચાઉમાં ભયાવહ સ્થિતિ : આ લખનારે એ જ દિવસે ભચાઉનો પ્રવાસ કરીને અહેવાલ આપ્યો હતો. 'કચ્છનું પ્રવેશદ્વાર ગણાતું ભચાઉ સંપૂર્ણ

તારાજ થઇ ગયું છે. ગામમાં સમ ખાવા પૂરતી એકપણ આખી દીવાલ બચી નથી. વક્રતા કેવી ધરતીકંપ પહેલાંના યુગમાં ભચાઉ વિસ્તાર કચ્છનો ઔધોગિક રીતે વિકસિત વિસ્તાર લેખાતો, પણ ધરતીકંપ આવ્યો ને ચોમેર મોતની કાલિમા પથરાઇ. આર.એસ.એસ. અને બીજાં સંગઠનોએ પહેલા ચાર દિવસમાં ભચાઉમાં ૧૫૦૦થી વધુ લાશોના અંતિમ સંસ્કાર કર્યા હતા. એ સમયે સૌને હતાશાએ ઘેરી લીધા હતા. ભચાઉના રાયમલ ફોફલના શબ્દો ટાંકવામાં આવ્યા છે કે... 'અમે બરબાદ થઇ ગયા... કોઇ ભવિષ્ય નથી... જીવાશે એટલું જીવશું...' રાયમલભાઇને કદાચ ખબર નહીં હોય કે પાણીદાર કચ્છી માનવી નિયતિનાં ચક્રને ઊલટું ફેરવવાની તાકાત ધરાવે છે. આજે ભચાઉ પંથક કચ્છના સમૃદ્ધ વિસ્તારમાં સમાવિષ્ટ છે. – મીઠાં પાણીનું સપનું : ભૂવિસ્ફોટ સાથે કચ્છમાં રણકાંધી અને બીજા વિસ્તારમાં જમીનમાંથી પાણીના ઝરણા ફૂટી નીકળવાના અહેવાલ બહાર આવ્યા. સૌએ ઉતાવળે એમ માની લીધું કે, સિંધુ-સરસ્વતી નદીનો પ્રવાહ પાછો સપાટી પર આવી ગયો છે. પાણી માટે સદાય તરસ્યા જિલ્લામાં તો સુખદ કલ્પનાનો આનંદ.... આનંદ... પણ એ પાણી ખારું નીકળ્યું અને ધરતીની આંતરિક પ્રક્રિયાના ભાગરૂપે એ બન્યું હતું. – એ ૩૬ કલાક... : ધરતીકંપની તીવ્રતા જ એવી હતી કે, કચ્છમાં શું અને કોણ બચ્યું હશે એ સવાલ થાય. કચ્છવાસીઓ માટે બધું નજર સમક્ષ હતું, પણ કચ્છ બહાર ગયેલાઓ માટે બેચેની-ઉચાટ, સંતાપ અને સ્નેહીજનોની પીડા પારાવાર... આ લખનાર ૨૬મીએ સવારથી જ જૂનાગઢ પહોંચ્યો... એપાર્ટમેન્ટ્સમાં સાસરાનું ઘર. ૮-૪૬ મિનિટે બિલ્ડિંગ અવાજ સાથે ધણધણવા લાગ્યું... ધરતીકંપ છે એ ખબર પડી કે બધા રસ્તા પર... થોડા કલાકો પછી ખબર પડી કે, કચ્છ ખતમ થઇ ગયું છે. સંદેશા વ્યવહાર ઠપ... દીવાન ચોકમાં પોલીસ કચેરીએ જઇને સ્થિતિ જાણવાની કોશિશ કરી... ખબર મળ્યા સૂરજબારી પુલ ક્ષતિગ્રસ્ત થતાં વાહન-વ્યવહાર બંધ છે, બેચેનીભરી રાત વીતી ને બસ પકડી. એક પછી એક વાહન બદલતાં સૂરજબારી પુલ પહોંચ્યો... પગપાળા સામાન સાથે બ્રિજ વટાવ્યો... સામે છેડે ભરચક બસ મળી... રસ્તામાં આધોઇ, ભચાઉ પસાર કર્યા, ભાંગેલાં અંજારમાંથી બસ નીકળી... એ દશ્યોની યાદ આજે પણ હચમચાવી મૂકે છે... મોડી સાંજે ભુજમાં જ્યુબિલી ગ્રાઉન્ડ ઊતર્યો, ચોમેર ધૂળિયો માહોલ ને અંધકાર... ઠંડી બેસુમાર, ગાયત્રી મંદિર વિસ્તારમાં ઘર... પસાર થતાં છૂટક વાહનોની લાઇટના સહારે પહોંચ્યો... સંયુક્તા કોલોનીમાં રસ્તા પાસે કીર્તિભાઇ-જીતુભાઇ મળી ગયા ને હૃદયનો બંધ તૂટી પડયો... કીર્તિભાઇએ કહ્યું, તું ચિંતા ન કર... ઘરે બધા બરોબર છે... ત્યાંથી નજીક જ ઘર... ઘર થોડી તિરાડ સાથે સલામત ઊભું હતું, સદ્નસીબે પરિવાર પણ સુરક્ષિત... સતત આફ્ટર શોક્સને લીધે બધા ખુલ્લામાં. ટેન્ટ મળ્યા ત્યાં સુધી કાતિલ ઠંડીની રાતો સાડી કે બેડશીટ્સની છત નીચે વીતાવી... બીજા દિવસે સવારે કચ્છમિત્ર પહોંચી ગયા ને જીવનમાં-કારકિર્દીમાં ભાગ્યે જ મળે એવા અનુભવોનો અનંત દોર શરૂ થયો...



# ગોલ્ડન ગ્લોબ્સ ૨૦૨૬ : સેલેબ્ઝના લૂક અને ફેશને લાઇમલાઇટ લૂંટી

૮૩મા ગોલ્ડન ગ્લોબ અવોર્ડ્સે બેવરલી હિલ્સને ગ્લેમર અને સ્ટારપાવરથી ઝળહળતું બનાવી દીધું હતું. કોમેડિયન નિકી ગ્લેસર દ્વારા હોસ્ટ કરાયેલી આ રાતે હોલિવૂડનાં ફિલ્મ, ટેલિવિઝન અને સંગીત જગતના જાણીતા સેલેબ્રિટી પહોંચ્યાં હતાં. થયા હતા. આ વર્ષે રેડ કાર્પેટ પર બોલ્ડ અંદાજ, અનોખા લુક્સ અને યાદગાર મોમેન્ટ્સ જોવા મળી હતી. તેમાં પણ પ્રિયંકા અને નિકે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. જેનિફર લોપેઝે રેડ કાર્પેટ જાં-લૂઈ શેરર દ્વારા ડિઝાઇન કરેલાં બ્રાઉન બ્રોકેડની ડિટેલિંગવાળો શીઅર વિન્ટેજ ડ્રેસ પહેરીને એન્ટ્રી કરી હતી, જેની સાથે સબ્યાસાચીની સ્ટેટમેન્ટ જ્વેલરીએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું. માઈલી સાયરસે ફ્લોર-લેન્થ બ્લેક સિક્વિન ગાઉન સાથે ઓવરસાઇઝ્ડ સેન્ટ લોરાં સનગ્લાસીસ પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ન્યુલી મેરીડ કપલ સેલેના ગોમેઝ અને બેન્ની બ્લાંકો માટે આ ખાસ ડેટ નાઈટ રહી. જેનિફર લોરેન્સે શીઅર ગાઉનમાં સૌથી બોલ્ડ લૂક આપ્યો, જ્યારે એરિયાના ગ્રાંડે બ્લેક ઓફ-શોલ્ડર ગાઉનમાં 'ગ્લિન્ડા'ના નાજુક અંદાજથી અલગ દેખાતી હતી. જેકબ એલોર્ડીનો ક્લાસી લૂક, અમાન્ડા સેફ્રિડ રેડ, જેન્ના ઓર્તેગા, એમ્મા સ્ટોન અને યોર્ગોસ લાન્થિમોસના લૂકની પણ ચર્ચા હતી. પ્રિયંકા ચોપરા જોનાસ અને નિક જોનાસે પણ ૮૩મા ગોલ્ડન ગ્લોબ્સમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રિયંકાએ સ્ટ્રેપલેસ નેવી બ્લૂ ડિયોર ગાઉન પહેર્યું હતું, જ્યારે નિક બ્લેક ટક્સીડોમાં જોવા મળ્યો. રેડ કાર્પેટ પર પ્રિયંકાએ પતિ નિકની બો ટાઇ સીધી કરી — આ મોમેન્ટ ચાહકોના દિલ જીતી ગઈ હતી.



# 'તાન્હાજી'ની સિક્વલ બનશે? અજય દેવગણે કહ્યું, 'વાર્તા હજુ પુરી થઇ નથી'

૨૦૨૦માં રિલીઝ થયેલી અજય દેવગનની ઐતિહાસિક ફિલ્મ 'તાન્હાજીઃ ધ અનસંગ વોરિયર' ભારતીય સિનેમાની એક યાદગાર ફિલ્મ રહી હતી. તાન્હાજી માલુસરેની શૂરવીર ગાથા પર આધારિત આ ફિલ્મમાં અજય દેવગણે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યારે તેમની પત્ની કાજોલે સાવિત્રીબાઈની ભૂમિકા નિભાવી હતી. ફિલ્મને છ વર્ષ પૂરાં થતાં અજય દેવગણે સોશિયલ મીડિયા પર ખાસ પોસ્ટ શેર કરી અને આ ફિલ્મની સિક્વલની શક્યતા અંગે ચાહકોની ઉત્સુકતા વધારી છે.

૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અજય દેવગણે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફિલ્મની કહાણી પર આધારિત ઈલસ્ટ્રેશન્સનના કોલાજમાં કેટલીક તસવીરો શેર કરી હતી. તસવીરો સાથે તેમણે મરાઠીમાં લખ્યું હતુંઃ "ગઢ આલા પણ સિંહ ગેલા, પણ વાર્તા અહીં અટકતી નથી..તાનાજીના ૬ વર્ષ". આ શબ્દોએ ચાહકોમાં ચર્ચા શરૂ કરી દીધી છે કે શું 'તાન્હાજી'ની વાર્તા આગળ વધશે?

ફિલ્મના અંતે તાન્હાજી શહીદ થાય છે, તેથી મૂળ પાત્રની સીધી આગળની કહાણી શક્ય નથી, પરંતુ અજય દેવગણની આ પોસ્ટ મરાઠા સામ્રાજ્યના ઈતિહાસ પર આધારિત નવી કથા અથવા એક ફ્રેન્ચાઈઝી તરફ સંકેત આપતી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થયેલી આ ફિલ્મ માટે અજય દેવગણને રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો. ડિરેક્ટર ઓમ રાઉત દ્વારા મરાઠા શૂરવીરોની વણકહી ગાથાઓ પર ફરી ફિલ્મ બનાવવાની માંગ ચાહકો લાંબા સમયથી કરી રહ્યા છે. અજય દેવગણે પ્રકાશ કપાડિયા સાથે ફિલ્મનું લેખન અને પ્રોડક્શન પણ સંભાળ્યું હતું, હવે ફરી એક ઐતિહાસિક પ્રોજેક્ટ સાથે જોડાવાની શક્યતા વ્યક્ત કરી છે.

'તાન્હાજીઃ ધ અનસંગ વોરિયર' છત્રપતિ શિવાજી મહારાજના શાસનકાળ દરમિયાન કુંઢાણા કિલ્લાને ફરી જીતવાની વીરગાથા રજૂ કરતી ફિલ્મ હતી, જેમાં તાન્હાજી માલુસરેએ દેશ અને ધર્મ માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી.



# 'ધુરંધર'નું FA9LA રેપર ફ્લિપરાચીએ તેની પહેલી ઈન્ડિયા ટુરની જાહેરાત કરી

### બેંગલુરુના મ્યુઝિક ફેસ્ટિવલમાં ફ્લેપરાચી પર્ફોર્મ કરશે

આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર'ના હિટ રેપ ટ્રેક 'FA9LA'થી ચર્ચામાં આવેલા બાહરેનનાં ગાયક-પ્રોડ્યૂસર ફ્લિપરાચીએ (હુસામ આસીમ) રવિવારે તેની ભારત ટૂરની સત્તાવાર જાહેરાત કરી છે.

ફ્લિપરાચીનો ડેબ્યુ શો ૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ બેંગલુરુમાં યોજાનારા UN40 મ્યુઝિક ફેસ્ટિવલમાં થવાનો છે. આ માહિતી તેની ઈન્સ્ટાગ્રામના ઓફિશિયલ હેન્ડલ પરથી શેર કરવામાં આવી હતી.પોસ્ટના કેપ્શનમાં લખ્યું હતું, "ભારતના પહેલા શોની તારીખ જાહેર થઈ ચુકી છે! બેંગ્લુરુમાં ૧૪ માર્ચે યોજાનારા હ૪૦famમાં આવવા અમે ઉત્સુક છીએ! ટૂંક સમયમાં વધુ તારીખો પણ જાહેર થશે. કમેન્ટ્સમાં તમારા શહેરનું નામ લખીને જણાવો કે અમારે હજી વધુ કયા શહેરો ઉમેરવા જોઈએ. બૂકીંગની વાત કરવા માટે અમારા પોતાનાં બૂકિંગ એજન્ટનો સંપર્ક કરો."પોસ્ટ સાથે શેર કરાયેલી તસવીર પરથી જણાઈ રહ્યું છે કે આવનારા દિવસોમાં ફ્લિપરાચી તેની ભારત ટૂરની વધુ તારીખોની પણ જાહેરાત કરશે.જાહેરાત થતાં જ સોશિયલ મીડિયામાં ઉત્સાહની લહેર ફરી વળી હતી. ચાહકોએ કોમેન્ટ સેક્શનમાં ખુશી વ્યક્ત કરતાં લખ્યું હતું, "તમારી રાહ જોઈએ છીએ..અમે પણ ત્યાં આવીશું..", તો કોઈએ "મુંબઇ અમદાવાદ અને જયપુરમાં પણ આવો અને ધૂમ મચાવી દો" લખ્યું.એક ચાહકે લખ્યું હતું કે, "તમારું ગીત ભારત સહિત દુનિયાભરમાં વાયરલ થઈ ગયું છે, પરંતુ 'ખુસ ખુસ' શબ્દો સિવાય તમારા કામ વિશે લોકો પાસે બહુ કંઈ નથી. ભારતીય શ્રોતાઓની વધુ ઊંડાણ અને હજુ વધુ ગીતોની અપેક્ષા રાખે છે, એટલે તમારે તે દિશામાં પણ વિચારવું પડશે."ફ્લિપરાચીનું વાસ્તવિક નામ હુસામ આસીમ છે. આદિત્ય ધરની બોક્સ ઓફિસ પર સુપરહિટ ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાના મહત્વના એન્ટ્રી સીનમાં 'FA9LA' ગીત બેકગ્રાઉન્ડ સ્કોર તરીકે વપરાયું હતું. મૂળ ગીત ગયા વર્ષે રિલીઝ થયું હતું અને યૂટ્યુબ પર તેને ૭૦ લાખથી વધુ વ્યૂઝ મળ્યા હતા. ગીત રીલ્સ અને શોર્ટ્સ પર વાયરલ બન્યા બાદ જિયો અને રણવીર સિંહે ફિલ્મ વર્ઝન સોશિયલ મીડિયા અને યૂટ્યુબ પર રિલીઝ કર્યું હતું. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ફ્લિપરાચીએ જણાવ્યું હતું કે 'ધુરંધર ૨'માં તેમનું બીજું કોઈ ગીત હશે કે નહીં તે અંગે તેમણે કહ્યું, "હું આ ગીતને સરપ્રાઇઝ રાખવા માંગતો હતો, પરંતુ હા, કંઈક હોઈ શકે છે."

# ગુલઝાર ફરી એક વખત બાળકો માટે ગીત લખશે

## તાજેતરના ઇન્ટરવ્યુમાં ગુલઝારે બાળકો માટે લખવાના પોતાના પ્રેમની વાત કરી



હિન્દી સિનેમાના દિગ્ગજ કવિ અને ગીતકાર ગુલઝાર ફરી એકવાર બાળકો માટે લખાણ તરફ વળ્યા છે. લાંબા સમય બાદ તેઓ એક બાળકોની ફિલ્મ માટે ગીતો લખી રહ્યા છે, જે વાત તેમના ચાહકો માટે ખુશખબર સમાન છે.

બાળકો માટે લખાણ અંગે ગુલઝારે પોતાના પ્રેમની વાત કરતાં જણાવ્યું કે, બાળકોની દુનિયા નિર્દોષતા, કલ્પનાશક્તિ અને સહજ આનંદથી ભરપૂર હોય છે. આવા વિષયો પર લખવું માત્ર સર્જનાત્મક અનુભવ નથી, પરંતુ તેમને પોતાને ફરી બાળક બનવાની તક પણ આપે છે. તેમણે કહ્યું કે બાળમન સુધી પહોંચે એવા સરળ શબ્દો અને સૂર શોધવા એ લેખક માટે એક અલગ જ પડકાર હોય છે અને એ પડકારને તેઓ હંમેશા દિલથી સ્વીકારતા આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ગુલઝારે અગાઉ પણ અનેક યાદગાર બાળગીતો આપ્યા છે, જે આજે પણ બાળકો અને મોટા બંનેમાં લોકપ્રિય છે. હવે તેમના આ કમબૅક સાથે આવનારી ચિલ્ડ્રન્સ ફિલ્મના ગીતો પ્રત્યે ઉત્સુકતા વધી ગઈ છે.૯૧ વર્ષની ઉંમરે પણ પોતાની ઈચ્છા મુજબ કામ કરતા પ્રખ્યાત ગીતકાર, ફિલ્મનિર્માતા અને કવિ ગુલઝાર હવે બાળકોની ફિલ્મ 'મસાબ ટેન્ક' માટે ફરી એકવાર ગીત લખવા જઈ રહ્યા છે. આ અંગે તેમણે એક ઈન્ટરવ્યુમાં માહિતી આપી હતી. ગુલઝારે બાળકો માટે લખાણ પ્રત્યેના પોતાના અભિગમ વિશે વાત કરતા કહ્યું હતું, "બાળકો માટે લખવું માત્ર ઈચ્છા કે મહત્ત્વાકાંક્ષા નથી, પરંતુ મારી ફરજ છે. કમનસીબે, આજકાલ લેખકો આ વિષય પર ઘણીવાર અણગમાથી અને અધુરી ઈચ્છાશક્તિથી કામ કરે છે."ફિલ્મના વિષય વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે 'મસાબ ટેન્ક' હૈદરાબાદનો એક વિસ્તાર છે, જ્યાં બાળકો માટેનું મેદાન છીનવી લેવામાં આવ્યું છે અને તેની જગ્યાએ ઈમારતો ઊભી કરવામાં આવી છે. નિર્માતા મેકા રાવનો આ પ્રોજેક્ટ તેમના દિલને સ્પર્શી ગયો છે, જેના કારણે તેઓ આ ફિલ્મ સાથે જોડાવા પ્રેરાયા છે.મેઘના ગુલઝાર સાથે આગામી ફિલ્મ દાયરામાં જોડાવા અંગે પૂછતાં ગુલઝારે જણાવ્યું કે આ ફિલ્મમાં કોઈ ગીતો નથી. તેમણે કહ્યું, "મેઘનાએ મને કહ્યું કે તે મને યાદ કરશે, પરંતુ તેની સ્ક્રિપ્ટમાં ગીતોની જગ્યા નથી. તેથી અમે સાથે કામ કરી શકીએ તેના માટે થોડી રાહ જોવી પડશે."ઉલ્લેખનીય છે કે મેઘના ગુલઝારની 'દાયરા' ફિલ્મમાં કરીના કપૂર ખાન અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.આ પહેલાં ગુલઝાર 'લાકડી કી કાઠી' થી લઈને 'જંગલ જંગલ પતા ચલા હૈ' જેવા યાદગાર બાળગીતો આપી ચુક્યા છે. ગુલઝારે જણાવ્યું કે તેઓ બાળકો માટે લખવાનું ચાલુ જ રાખશે. તેઓ કહે છે, "હું ફરી એકવાર સાચે બાળક બની જાઉં ત્યાં સુધી બાળકો માટે લખતો રહીશ."ગુલઝાર પોતાની બાળસાહિત્યની પરંપરા આગળ વધે તેવી ઈચ્છા વ્યક્ત કરતાં પોતાના શિષ્ય, ફિલ્મનિર્માતા-સંગીતકાર વિશાલ ભારદ્વાજ વિશે કહે છે, "મને આશા છે કે વિશાલ 'ધ બ્લૂ અંબ્રેલા' જેવી બાળકો માટેની ફિલ્મો બનાવતો રહેશે. બાળકો સાથે સીધા જોડી શકે એવા ગીતો રચવાની ખાસ કળા તેનામાં છે."આ સાથે તેમણે ઉમેર્યું કે તેમના જમાઈ ગોવિંદ સંધૂએ ગાઝા અને યુક્રેનમાં બાળકોની દુર્દશાથી પ્રેરિત એક પુસ્તક લખ્યું છે, જ્યારે તેમની પુત્રી મેઘનાએ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો પર આધારિત એક પુસ્તક તૈયાર કર્યું છે.

# ઋતિક રોશને ગર્લફ્રેન્ડ અને ભૂતપૂર્વ પત્ની સાથે બર્થ-ડે ઉજવ્યો



વાસ્તવિક જગતમાં ઓછી સર્જાઇશકે એવી પરિસ્થિતિ બોલીવૂડમાં (જ) સર્જાતી હોય છે. આવી જ એક ઘટનામાં હમણાં ઋતિક રોશને તેનો ૫૨મો જન્મદિવસ પરિવાર અને મિત્રો સાથે ઉજવ્યો. તેણે યાટ પર પોતાનો ખાસ દિવસ ઉજવ્યો અને ઉજવણી કરી. ઋતિકે તેના ચાહકોનો પણ આભાર માન્યો. તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાન અને ગર્લફ્રેન્ડ સબા આઝાદે પણ સાથે પોઝ આપ્યા. અભિનેતાના બંને પુત્રો પણ પાર્ટીમાં હાજર હતા.ઋતિક રોશને જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યા બાદ સોશિયલ મીડિયા પર અસંખ્ય ફોટા શેર કર્યા. ચાહકો અને મિત્રો તરફથી તેમના જન્મદિવસની શુભેચ્છાઓ છલકાઈ ઊઠી હતી. અભિનેતાએ તેના નજીકનાં પ્રિયજનો સાથે યાટ પર ઉજવણી કરી. પાર્ટીના ફોટા શેર કરતા, ઋતિકે સૌ નો આભાર માનતાં ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે "આભાર દુનિયા, મારા પરિવારનો આભાર." મારા મિત્રો, મારા ચાહકો... તે બધાનો જેમણે મને મેસેજ કરવાનો, મને લખવાનો, મારા વિશે પોસ્ટ કરવાનો, મને ફોન કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે બધાનો આભાર માન્યો... ગઈકાલે તેમની પ્રાર્થનામાં મને શુભેચ્છા પાઠવી.ઋતિક રોશનની યાટ પાર્ટીઅભિનેતાએ શેર કરેલા ફોટામાં તેમનો આખો પરિવાર એકસાથે દેખાય છે. ઋતિકની ગર્લફ્રેન્ડ સબા આઝાદ, ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાન અને તેમના પુત્રો, હેહાન અને હ્રધાન પણ જન્મદિવસની પાર્ટીમાં હાજર રહ્યા હતા.

# 'OMG' ફ્રેન્ચાઈઝીના અધિકારો મુદ્દે ડિજિટલ ૧૮ મીડિયાએ જાહેર નોટિસ આપી

'OMG (ઓ માય ગોડ)' ફ્રેન્ચાઈઝની ત્રીજી ફિલ્મની જાહેરાત થઈ તેનાથી દર્શકો ઉત્સાહમાં તો આવ્યા પરંતુ, ફિલ્મ બને તે પહેલાં જ વિવાદમાં સપડાઈ છે. આ ફિલ્મ મુદ્દે ડિજિટલ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડે પોતાની માલિકી અને કાનૂની અધિકારો અંગે સત્તાવાર જાહેર નોટિસ બહાર પાડી છે. આ નોટિસ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના એક મેગેઝિનમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ડિજિટલ૧૮ની લેખિત મંજૂરી વિના OMG ૨ (૨૦૨૩)ની કોઈ પણ સિક્વલ, પ્રીક્વલ, સ્પિન-ઓફ કે ડેરિવેટિવ ફિલ્મનું નિર્માણ, માર્કેટિંગ અથવા પ્રોડક્શન કરવું કાયદેસર ગુનો ગણાશે. ડિજિટલ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડે નોંધ્યું છે કે તે વાયકોમ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડના સ્ટુડિયો બિઝનેસનો જ એક હિસ્સો છે. કોર્ટ દ્વારા મંજૂર કોમ્પોઝિટ સ્કીમ ઓફ અરેજમેન્ટ અંતર્ગત ૧૪ નવેમ્બર, ૨૦૨૪થી આ વ્યવસ્થા અમલમાં આવી હતી, જેના કારણે સ્ય ૨ ફિલ્મના તમામ ડેરિવેટિવ અને ફ્રેન્ચાઈઝી અધિકારો, જેમાં ગુડવિલ, બ્રાન્ડ વેલ્યુ અને જાહેર છાપ પણ સામેલ છે, જેના ડિજિટલ૧૮ સંયુક્ત માલિક અને સહ-માલિક તરીકે હક્ક ધરાવે છે.નોટિસમાં "તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓ"ને ચેતવણી આપવામાં આવી છે કે ડિજિટલ૧૮ની પરવાનગી વિના સિક્વલ અથવા સંબંધિત પ્રોજેક્ટ પર કામમ, નિર્માણ કે ફાઈનાન્સિંગ અંગે કોઈ પણ પ્રકારની વાતચીત કે કરાર કરવો અધિકાર ભંગ ગણાશે. ઓહ માય ગોડ નામ અથવા તેના જેવી ભ્રામક સમાનતા ધરાવતા નામ કે પ્રમોશનલ સામગ્રીનો ઉપયોગ કરવો પણ ગેર રજૂઆત અને માલિકી અધિકારોનાં ભંગ સમાન ગણાશે.એવા અહેવાલો હતા કેંસ્ય ૩ માટે સંભવિત નામ તરીકે ઓહ માય ગોડેસની ચર્ચા થઈ રહી છે. અહેવાલો મુજબ, આ પ્રોજેક્ટમાં અક્ષય કુમાર અને રાની મુખર્જી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે અને અક્ષય કુમારનો રોલ OMG 2 જેવો લાંબો કેમિયો હોઈ શકે છે. આ ફિલ્મ ફેબ્રુઆરી ૨૦૨૬થી ફ્લોર પર જવાની તૈયારીમાં છે, જેના કારણે ફ્રેન્ચાઈઝીના અધિકારો અંગે અટકળો તેજ બની હતી અને કદાચ એ જ કારણે ડિજિટલ૧૮એ પોતાની સ્થિતિ ફરી જાહેરમાં સ્પષ્ટ કરી છે.

# WPLમાં આજે ગુજરાત અને મુંબઈ વચ્ચે મુકાબલો

## ગાર્ડનર અને હરનપ્રિત કૌરની આગેવાની હેઠળની બંને ટીમ આકર્ષણનું કેન્દ્ર રહેશે, સાંજે ૭.૩૦થી પ્રારંભ



વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ધીમે ધીમે રંગમાં આવી રહી છે ત્યારે મંગળવારે ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત જાયન્ટ્સની ટીમ વચ્ચે મુકાબલો થશે. સાંજે ૭.૩૦ કલાકે શરૂ થનારી આ મેચ રોમાંચક બને તેવી સંભાવના છે.

વર્તમાન સિઝનમાં ગુજરાતની ટીમે અગાઉ કરતાં સર્વશ્રેષ્ઠ પ્રારંભ કરેલો છે અને આ મેચમાં તેની પાસેથી આવા જ પ્રદર્શનની અપેક્ષા રખાય છે. જોકે બીજી તરફ હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની મુંબઈ ઈન્ડિયન્સ પણ એટલી જ મજબૂત છે. આમ એશ્લે ગાર્ડનર અને હરમનપ્રિત કૌરની ટીમ વચ્ચે આકર્ષક જંગ જોવા મળી શકે છે.

ગુજરાત જાયન્ટ્સની બેટિંગમાં પુષ્કળ આક્રમકતા છે અને અને તે પોતાની પહેલી બે મેચમાં સંપૂર્ણ રીતે પ્રદર્શિત થયું હતું. તેણે આ બંને મેચ ૨૦૦+નો સ્કોર રજૂ કરીને જીતી હતી.

રવિવારે રાત્રે દિલ્હી કેપિટલ્સ પરની જીત તેમના આત્મવિશ્વાસને વધારશે કેમ કે સોફી ડિવાઈન ફાઈનલમાં શાનદાર બેટિંગના બળ પર સાત રનનો બચાવ કરવામાં સફળ રહી હતી અને ટોચના ક્રમમાં ૪૨ બોલમાં ૯૫ રન ફટકાર્યા હતા.

કેપ્ટન એશ્લે ગાર્ડનરે ઉદાહરણીય નેતૃત્વ કર્યું છે અને તેણે પોતે સ્વીકાર્યું છે કે WPL ની ચોથી સિઝનમાં આથી સારી શરૂઆત તેને મળી શકે નહી. "મને લાગ્યું કે અમે તે મેચ ડીસી પાસેથી આંચકી લીધી છે, પરંતુ મને લાગે છે કે તે એવી મેચો છે જે મને લાગે છે કે ચેન્જ રૂમમાં ઘણો આત્મવિશ્વાસ આપે છે અને ઘણો વિશ્વાસ આપે છે કે અમે કોઈ પણ સ્થાનથી જીતી શકીએ છીએ. તેમ ગાર્ડનરે દિલ્હી કેપિટવલ્સ સામેની છેલ્લી ઓવરની રોમાંચક મેચ બાદ જણાવ્યું હતું.

જોકે, ગુજરાત જાયન્ટ્સ દિલ્હી કેપિટલ્સ સામે મધ્યમાં થોડા રન આઉટ છોડીને તેમના અભિગમમાં વધુ આક્રમક દેખાતી હતી.

અનુભવી રાજેશ્વરી ગાયકવાડ અને કાશ્વી ગૌતમ જેવી ભારતીય ખેલાડીઓના પ્રદર્શનથી પણ ગાર્ડનરે સંતોષ વ્યક્ત કર્યો હતો. મંગળવારે તેમની પ્રતિસ્પર્ધી મુંબઈ ઈન્ડિયન્સ સામે ગુજરાતની ટીમનો દિલ્હી કેપિટલ્સ સામેનો વિજય ગતિને આગળ વધારવાનો પ્રયાસ કરશે.

# ભારતને આંચકો, વોશિંગ્ટન સુંદર આઉટ

## ન્યૂઝીલેન્ડ સામેની બાકી રહેલી વન-ડેમાં દિલ્હીના આયુષ બદોનીનો પહેલી વાર ભારતીય ટીમમાં સમાવેશ





પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામે રમી રહેલી ભારતીય ક્રિકેટ ટીમમાંથી અગા રિશભ પંત બહાર થઈ ગયા બાદ ટીમને સોમવારે વધુ એક આંચકો લાગ્યો હતો જ્યારે ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ઈજાને કારણે વર્તમાન સિરીઝમાંથી બહાર થઈ ગયો હતો. તેને સ્થાને દિલ્હીની રણજી ટીમના આયુષ બદોનીને ટીમમાં સામેલ કરાયો હતો. આમ આયુષ બદોનીને અંતિમ ઈલેવનમાં સ્થાન મળશે તો તે પહેલી વાર ભારત માટે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રમશે.

ભારત અને ન્ઝીલેન્ડ વચ્ચે રવિવારે વડોદરા ખાતે પ્રથમ વન-ડે રમાઈ હતી જેમાં જીતીને ભારતે ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. હવે બીજી વન-ડે ૧૪મી જાન્યુઆરી ને બુધવારે રાજકોટ ખાતે રમાશે.વોશિંગ્ટન સુંદરે પાંસળીની ઈજા થઈ છે. રવિવારની મેચમાં ૨૬ વર્ષીય સુંદરે પાંચ ઓવરમાં ૨૭ રન આપ્યા હતા. ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સ દરમિયાન ઈજાને કારણે તે અધૂરી ઈનિંગ્સે બહાર નીકળી ગયો હતો અને પરત ફર્યો ન હતો. જોકે ઘાયલ હોવા છતાં તે ભારતની ઈનિંગ્સમાં આઠમા ક્રમે બેટિંગમાં આવ્યો હતો. અંતે ભારતે આ મેચ ચાર વિકેટથી જીતી લીધી હતી.

બીસીસીઆઈએ સોમવારે જણાવ્યું હતું કે ભારતના ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને અસહ્ય દુખાવો થતો હતો અને તેની પાંસળીની આસપાસમાં ઈઝા થઈ હતી. તે બોલિંગ કરી રહ્યો હતો ત્યારે આ સમસ્યા થઈ હતી. આમ વડોદરાના કોટામ્બી સ્ટેડિયમની આ મેચમાં તે પૂરી બોલિંગ કરી શક્યો ન હતો.

સુંદરને હવે વધુ સ્કેન કરવાશે અને ત્યાર બાદ બીસીસીઆઈની મેડીકલ ટીમના અભિપ્રાય બાદ તેને ભવિષ્યમાં ક્યારે ટીમમાં સામેલ કરવો તેનો નિર્ણય લેવાશે પરંતુ હાલ તો તે ન્યૂઝીલેન્ડ સામેની બાકી રહેલી બે વન-ડેમા રમી શકે તેમ નથી તેમ બીસીસીઆઈએ ઉમેર્યું હતું.

બોર્ડે વધુમાં જણાવ્યું હતું કે બીસીસીઆઈની મેન્સ પસંદગી સમિતિએ આ સંજોગોમાં સુંદરને સ્થાને નવોદિત આયુષ બદોનીને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. બદોની ટીમની સાથે રાજકોટમાં જોડાશે જ્યાં બુધવારે બીજી વન-ડે રમાનારી છે.

આયુષ બદોનીને ભારતીય ટીમમાં સામેલ કરાયો છે તેનો અર્થ એ થયો કે તે મંગળવારે બેંગલોર ખાતે વિદર્ભ સામેની વિજય હઝારે ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલ મેચમાં દિલ્હી માટે રમી શકશે નહી.

બદોની મુખ્યત્વે બેટર છે અને સાથે સાથે ઓફ સ્પિન બોલિંગ કરી શકે છે. તે અગાઉ દિલ્હીની ટીમનું સુકાન સંભાળી ચૂક્યો છે જ્યારે તાજતેરમાં રિશભ પંત દિલ્હીનો કેપ્ટન હતો ત્યારે બદોની વાઈસ કેપ્ટન હતો. બદોની આઈપીએલમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે શાનદાર પ્રદર્શન કરી ચૂક્યો છે અને ભારતીય ટીમના વર્તમાન કોચ ગૌતમ ગભીરના માર્ગદર્શન હેઠળ તે આઈપીએલમાં લખનૌ માટે રમ્યો હતો.

૨૬ વર્ષીય બદોની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૫૭.૯૬ની સરેરાશ ધરાવે છે જ્યારે લિસ્ટ-એ ક્રિકેટમાં પણ તે રમ્યો છે પરંતુ ત્યાં તેને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ જેવી સફળતા મળી નથી. વર્તમાન વિજય હઝારે ટ્રોફીમાં તે ૩૬.૪૭ની બેટિંગ સરેરાશ ધરાવે છે પરંતુ તેણે બેટિંગ કરતાં બોલિંગમાં વધુ કમાલ કરેલી છે.

ન્યૂઝીલેન્ડ સામેની વર્તમાન સિરીઝમાં સુંદર એવો ત્રીજો ખેલાડી છે જે સિરીઝમાંથી બહાર થયો હોય. અગાઉ રિશભ પંત અને તિલક વર્મા આ રીતે ઈજાને કારણે ટીમમાંથી આઉટ થઈ ગયા હતા જેમાં તિલક વર્માને તો સર્જરી કરાવવાની જરૂર પડી હતી.

# અમદાવાદમાં નેશનલ ઓલિમ્પિક એકેડમી પુનઃસક્રિય કરાશે : IOA

## નેશનલ ઓલિમ્પિક એકેડમીના વડા તરીકે પીટી ઉષાની વરણી, ઓલિમ્પિક એજ્યુકેશન અને વિકાસ પ્રોગ્રામ પણ લોંચ કરાશે



ભારતમાં ઓલિમ્પિક મુવમેન્ટને મજબૂત બનાવવા તથા વેગ આપવા માટે એક મોટા પગલા તરીકે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન (આઈઓએ)એ સોમવારે તેની નેશનલ ઓલિમ્પિક એકેડમી (એનઓએ)ને અમદાવાદમાં પુનઃસક્રિય બનાવવાની સત્તાવાર જાહેરાત કરી હતી. આઈઓએના પ્રમુખ અને ભારતના મહાન એથ્લેટ પી ટી ઉષા આ એકેડમીના વડા રહેશે.

આઈઓએએ આ ઉપરાંત નિર્ણય લીધો હતો કે નેશનલ ઓલિમ્પિર એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પણ આ સાથે લોંચ કરાશે.

એસોસિયેશને જણાવ્યું હતું કે આઈઓએની કારોબારીએ સર્વાનુમતે પીટી ઉષાની નેસનલ ઓલિમ્પિક એકેડમીના વડા તરીકે તથા વાઈસ પ્રેસિડેન્ટ ગગન નારંગની એકેડમીના ડાયરેક્ટર તરીકે વરણી કરી છે. ગગન નારંગ શૂટિંગમાં ઓલિમ્પિક્સ મેડાલિસ્ટ છે.

ગાંધીનગર ખાતેની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ભારત પાસે ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન કેન્દ્ર આવેલું છે. જ્યારે એનઓએ ૨૦૧૮ની અસ્તિત્વમાં આવ્યું હતું. વિવિધ કારણોસર તેની તમામ પ્રવૃત્તિ અટકી ગઈ હતી જેમાં કોવીડ-૧૯નો પણ સમાવેશ થતો હતો.

આઈઓએના સીઈઓ રઘુરામ ઐયરે જણાવ્યું હતું કે નેશનલ ઓલિમ્પિક એકેડમી ૨૦૧૮થી છે પરતુ કોરોના તથા વિવિધ કારણોસર તે સક્રિય ન હતી. આથી જ અમે કહી રહ્યા છીએ કે હવે અમે તેને પુનઃસક્રિય કરી છે.

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનની કારોબારીની બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો અને નવમી જાન્યુઆરીએ તેની વાર્ષિક સામાન્ય સભામાં IOA જનરલ હાઉસ દ્વારા સર્વાનુમતે સમર્થન આપવામાં આવ્યું હતું. બંને બેઠકો અમદાવાદમાં યોજાઈ હતી. "રમતવીર-કેન્દ્રિત વિકાસ, ઓલિમ્પિક શિક્ષણ અને સંસ્થાકીય ક્ષમતા નિર્માણ પર આ પહેલો નિર્ણય છે જે IOAના નવેસરથી ધ્યાનને પ્રતિબિંબિત કરે છે, જે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સુસંગત છે," તેમ તેમણે ઉમેર્યું હતું. "નેશનલ ઓલિમ્પિક એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ને ઓલિમ્પિક ઈકોસિસ્ટમમાં માળખાગત શિક્ષણ અને વિકાસ કાર્યક્રમો પહોંચાડવા માટે એક વ્યાપક રાષ્ટ્રીય માળખા તરીકે કલ્પના કરવામાં આવી છે," તેમ એસોસિયેશનના નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન અને રાજ્ય ઓલિમ્પિક એસોસિએશન સાથે સહયોગથી અમલમાં મૂકવામાં આવશે જેથી વ્યાપક પહોંચ અને પાયાના સ્તરથી ઉચ્ચ વર્ગ સુધી અસર સુનિશ્ચિત થાય.

# મલેશિયન ઓપનમાં સિંધૂનો સેમિફાઇનલમાં પરાજય

## ફાઇનલમાં ચીનની વાંગ સામે પરાજય, હવે દિલ્હી ઓપન બેડમિન્ટનમાં રમશે



મલેશિયન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની સ્ટાર ખેલાડી પીવી સિંધૂની પ્રભાવશાળી આગેકૂચનો શનિવારે અંત આવી ગયો હતો કેમ કે સેમિફાઈનલમાં તેનો ચીનની વાંગ ઝિયાયી સામે પરાજય થયો હતો.સુપર ૧૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં અગાઉની મેચોમાં શાનદાર પ્રદર્શન કરનારી સિંધૂ વિશ્વના બીજા ક્રમની ચીની ખેલાડી સામે દબાણનો સામનો કરવામાં નિષ્ફળ રહી હતી. આમ બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા સિંધૂનો ૧૬-૨૧, ૧૫-૨૧થી પરાજય થયો હતો. માત્ર સિંધૂ જ નહીં પરંતુ આ પરાજય સાથે આ ટુર્નામેન્ટમાંથી ભારતના અભિયાનનો અંત આવી ગયો હતો.૨૦૨૫ના ઓક્ટોબરમાં પગની ઈજાને કારણે સિંધૂ લાંબા સમયથી બેડમિન્ટન ક્ષેત્રેથી દૂર રહ્યા બાદ સિંધૂ પહેલી વાર કોઈ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી હતી. સેમિફાઈનલમાં પણ તે એક સમયે શાનદાર રમત દાખવી રહી હતી. તે પ્રથમ ગેમમાં એક સમયે ૧૧-૬ની સરસાઈ પર હતી પરંતુ અહીંથી ચીની ખેલાડીએ વળતો પ્રહાર કર્યો હતો. ૩૦ વર્ષીય સિંધૂએ મેચ બાદ જણાવ્યું હતું કે મને લાગતું હતું કે ૧૧-૬ના સ્કોરથી હું વધુ બેથી ત્રણ પોઈન્ટ જીતી શકતી હતી પરંતુ મેં બ્રેક લીધો અને ત્યાર બાદ બાજી પલટાઈ હતી. એ સમયે પણ મને લાગતું હતું કે હું ફરીથી સરસાઈ પર આવી શકીશ પણ આ તબક્કે મેં એકાદ બે નાની ભૂલ કરી હતી.બેડમિન્ટનમાં આ પ્રકારની મેચ દરમિયાન તમે સરસાઈ પર હોવ ત્યારે આમ બનતું હોય છે ત્યારે તમે એવી અપેક્ષા રાખી શકો નહીં કે તમે આસાનીથી જીતી જશો. પીવી સિંધૂ હવે તેની આગામી ટુર્નામેન્ટ દિલ્હીમાં રમશે. દિલ્હીમાં આવતા સપ્તાહે ઈંડિયન ઓપન સુપર ૭૫૦ બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાનારી છે. સિંધૂએ ઉમેર્યું હતું કે મને લાગે છે કે મારા માટે આ સારી ટુર્નામેન્ટ રહી હતી.

# રોનાલ્ડોએ સપનાનો મહેલ જેવો વિલા આખરે વેચાશે !



પોર્ટુગીસ : લગભગ ૩૦ મિલિયન પાઉન્ડ (આશરે ત્રણ અબજ ૬૨ કરોડ રૂપિયા)ના ખર્ચે તૈયાર થયેલ પોતાનાં સપનાના રિટાયરમેન્ટ વિલાને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેમની મંગેતર જોર્જિના રોડ્રિગેઝ હવે છોડી શકે છે. આ ભવ્ય વિલા પોર્ટુગલના કાસ્કાઈસ સ્થિત ક્વિંટા દા મારિન્હા વિસ્તારમાં આવેલો છે.

'પોર્ટુગીઝ ટીવી પ્રોગ્રામ'ના અહેવાલ મુજબ, આ અંગે ચોંકાવનારી વાત એ છે કે રોનાલ્ડો હવે તેમાં રહેવાને બદલે તેને વેચવાનો વિચાર કરી રહ્યાં છે, જ્યારે આ વિલા લગભગ સંપૂર્ણ રીતે બનીને તૈયાર થઈ ગયો છે. ફૂટબોલમાંથી સંન્યાસ લીધાં પછી પરિવાર સાથે શાંતિભરી જિંદગી વિતાવવાના ઈરાદે રોનાલ્ડોએ ૨૦૨૨માં આ જમીન ખરીદી હતી.

આઠ બેડરૂમવાળા મહેલસમાન આ વિલામાં સ્વિમિંગ પૂલ, પ્રાઈવેટ સિનેમા હોલ, આધુનિક જિમ અને અંડરગ્રાઉન્ડ કાર પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ઘરમાં ઈન્ડોર સાથે આઉટડોર સ્વિમિંગ પૂલ, મસાજ રૂમ, બાળકો માટે રમવાની જગ્યા અને ખાનગી સમુદ્ર બિચ પણ છે. હકીકતમાં કહેવામાં આવી રહ્યું છે કે 'પોર્ટુગીઝ રિવિયેરા' તરીકે ઓળખાતાં આ વિસ્તારમાં પણ રોનાલ્ડોને પૂરતી પ્રાઈવસી મળી રહી નથી.

સુરક્ષા વધારવા માટે તેમણે નજીકની જમીન અને ગોલ્ફ કોર્સ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સોદો થઈ શક્યો નહોતો, જેનાં કારણે તેમનો વિચાર બદલાઈ ગયો છે. જોકે આ કહાનીમાં એક રસપ્રદ વળાંક એ પણ છે કે રોનાલ્ડો પોતાની મંગેતર જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન આ જ વિલામાં કરી શકે છે, ત્યારબાદ તેને વેચવાનો નિર્ણય લેવાઈ શકે છે.

# ભારત - ન્યુઝીલેન્ડ ખેલાડીઓનું પરંપરાગત સ્વાગત : અર્શદીપ ઢોલના તાલે ઝુમ્યો



રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં શ્રેણીનો બીજો એક દિવસીય મેચ રમવા માટે ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો ગઈસાંજે આવી પહોંચી હતી. વડોદરાથી ખાસ વિમાનમાં આવેલા ખેલાડીઓને સીધા હોટલ પર લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ક્રિકેટરોનું પરંપરાગત કુમકુમ તિલક તથા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતીય ટીમના કપ્તાન શુભમન ગીલ, રોહિત શર્મા, વિરાટ કોહલી, લોકલ બોય રવિન્દ્ર જાડેજા, અર્શદીપ સહિતના ખેલાડીઓ આવી પહોંચ્યા હતા. અર્શદીપસિંહે તો 'ઢોલ-નગારાના તાલે ડાન્સ પણ કર્યો હતો' અને રોમાંચક માહોલ સર્જી દીધો હતો.

ન્યુઝીલેન્ડની ટીમનું પણ હોટલ ફોર્ચ્યુન પર પરંપરાગત સ્વાગત કરાયું હતું. બન્ને હોટલો પર ફેન્સ ઉમટ્યા હતા અને ચૂસ્ત સુરક્ષા ગોઠવવામાં આવી હતી.

# શિખર ધવને ગર્લફ્રેન્ડ સોફી સાથે કરી સગાઈ

## છૂટાછેડાના ત્રણ વર્ષ બાદ સ્ટાર ખેલાડીના જીવનની નવી શરૂઆત



ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર શિખર ધવન પોતાના અંગત જીવનમાં એક નવી શરૂઆત કરવા જોઈ રહ્યો છે. છૂટાછેડા થયાના લાંબા સમય બાદ ધવને તેની ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે સગાઈ કરી લીધી છે. શિખરે સોમવારે(૧૨ જાન્યુઆરી) ઈન્સ્ટાગ્રામ પર સોફી સાથેની એક રોમેન્ટિક તસવીર શેર કરીને આ સત્તાવાર જાહેરાત કરી છે. શેર કરેલી તસવીરમાં સોફીના હાથમાં હીરાની મોટી અને સુંદર રિંગ જોવા મળી રહી છે. આ સાથે એક સુંદર ડેકોરેશન પણ જોવા મળી રહ્યું છે, જેમાં લાલ ગુલાબ અને મિણબત્તીથી સજાવેલું મોટું દિલ છે.

શિખર ધવને સોફી સાથેનો તસવીર શેર કરતા કેપ્શનમાં લખ્યું કે, 'સાથે હસવાથી લઈને સાથે સપના જોવા સુધી. આપણી સગાઈ માટે પ્રેમ, આશીર્વાદ અને દરેક શુભકામનાઓ માટે આભારી છીએ. હવે અમે હંમેશા માટે એકબીજાનો સાથ પસંદ કરીએ છીએ. - શિખર અને સોફી.' આ સમાચાર સામે આવતા જ સોશિયલ મીડિયા પર તેના ફેન્સ અભિનંદન પાઠવી રહ્યા છે. તસવીરમાં શિખર અને સોફી બંને એકસાથે ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે.

મીડિયા રિપોટ્ર્સ અનુસાર, સોફી શાઈન અને શિખર ધવન છેલ્લા ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. સોફી ઘણીવાર શિખર સાથે જોવા મળતી હતી, પરંતુ બંનેએ અત્યાર સુધી પોતાના સંબંધોને ગુપ્ત રાખ્યા હતા. સોફી વિશે વધુ વિગતો હજુ સામે આવી નથી, પરંતુ તે આઈરિશ હોવાનું માનવામાં આવે છે.

સગાઈની જાહેરાત બાદ હવે ફેન્સ તેમના લગ્નની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શિખર અને સોફી ૨૦૨૬ના મધ્યમાં લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. જોકે, હજુ સુધી ધવન પરિવાર તરફથી લગ્નની કોઈ ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે આ શિખર ધવનના બીજા લગ્ન હશે. તેના અગાઉ વર્ષ ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયન મહિલા આયેશા મુખર્જી સાથે લગ્ન થયા હતા, પરંતુ લાંબા સમયના વિવાદ બાદ ૨૦૨૩માં તેમના સત્તાવાર રીતે છૂટાછેડા થયા હતા. શિખરને આયેશાથી એક પુત્ર પણ છે, જેનું નામ જોરાવર છે. જે છૂટાછેડા બાદ તેની માતા સાથે ઓસ્ટ્રેલિયામાં જ રહે છે. આયશા કિકબોક્સર હતી અને દિલ્હીના સાકેત કોર્ટમાં આ કપલના છૂટાછેડા થયા.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫





સુરતમાં આવતીકાલ ઉત્તરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાશે. પતંગ પર્વની સુરતમાં સતત બે દિવસ ઉજવણી કરવાની પરંપરા છે. અગાસી પર પતંગ ચગાવવા સાથે ગોગલ્સ, કેપ વગેરેની ભારે બોલબાલ હોય છે. તેથી લારીઓ પર વિવિધ ચીજ-વસ્તુઓનું વેચાણ તથા સુરતના પતંગ બજારમાં રાત્રી સમય ધૂળ ખરીદી નીકળી હતી. દરમિયાન આજે સવારે સાસ્કમા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પતંગ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# આવતી કાલે ઉત્તરાયણ : પતંગબાજોમાં ઉત્સાહ

## સુરતના લોકો બે દિવસ અગાસી પર્વ ઉજવશે : આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જશે : પતંગ બજારોમાં ધૂમ ખરીદી નીકળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

મકરસંક્રાતિ (ઉત્તરાયણ) પર્વની આવતીકાલે શહેરીજનો ઉજવણી કરશે અને તા.૧૫ જાન્યુઆરીના રોજ વાસી ઉતરાણ મનાવવામાં આવશે. પવનની ગતિ પણ આ વર્ષે વધુ રહેવાની હોય પતંગ રસીકોના આનંદ બમણો થશે. સુર્ય ઉપાસનાનાં દિવસ તરીકે ઉજવાતા આ ઉત્સવમાં સુરત શહેરના ભાગળ ડબગરવાડ ખાતે તેમજ રાંદેર ખાતે ઉતરાણની પુર્વ સંધ્યાએ પતંગની હરાજી થતી હોય છે. જથ્થાબંધ વેચાતા પતંગ લેવા માટે યુવાઓની પડાપડી થતી હોય છે ત્યારે ભાગળ ચાર રસ્તાથી લઈ કાંસકીવાડ, રાજમાર્ગ પર આજે મોડી સાંજથી મોડી રાત્રિ સુધી પતંગની હરાજી થશે. પતંગબાજો છેક છેલ્લી ઘડી સુધી પતંગની ખરીદી અને માંજા તૈયાર કરાવવા માટે કલાકો સુધી પતંગ માંજાની દુકાનો ઉપર નજરે પડશે. સુરતીઓ ઉંધીયુ પુરીના જયાફત માણવા સાથે ધાબા પાર્ટીના દર વર્ષે આયોજનો કરતા હોય છે. દરમિયાન આ વર્ષે પણ કોટ વિસ્તારમાં પતંગની ધુમ જોવા મળશે.

ઉતરાણના તહેવારની છેક છેલ્લી ઘડી સુધી શહેરના પતંગબજારોમાં લોકોની ભીડ જોવા મળી હતી. ખાસ કરીને ભાગળ ખાતેના ડબગરવાડ, રાજમાર્ગ પર ઉતરાણની પુર્વ સંધ્યાએ પતંગના હરાજી બજારમાં શહેરીજનોની ભીડ ઉમટી પડી હતી. જથ્થાબંધ પતંગ લેવા માટે દર વર્ષે પતંગની હરાજી થતી હોય છે. ત્યારે સુર્ય ઉપાસનાનાં તહેવાર ગણાતા મકરસંક્રાંતિના દિવસે સુર્યના મકર રાશિમાં પ્રવેશ સાથે કમુરતા પુર્ણ થતા લગ્નસરાની સિઝન શરૂ થતી હોય છે. શુભ મુહૂર્તની શરૂઆત સાથે શહેરીજનો પતંગ ઉડાડી આવતીકાલે ઉતરાણની ઉજવણી કરશે. પરંપરાગત રીતે આ વર્ષે પણ ઉતરાણ અને બીજા દિવસે એટલે કે ૧૫ જાન્યુઆરીના રોજ વાસી ઉતરાણ મનાવવામાં આવશે.

# ઉત્તરાયણ પર્વમાં શહેરભરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત

## ૧૫૦ જેટલા ધાબાઓ પરથી પોલીસ સીધુ સુપરવિઝન કરશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરત શહેરમાં ઉત્તરાયણનો તહેવાર સુરક્ષિત અને આનંદમય રીતે ઉજવાય તે હેતુથી સુરત શહેર પોલીસ દ્વારા વ્યાપક અને સઘન સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ વિભાગ દ્વારા તહેવારના દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. આ અંતર્ગત શહેરના તમામ વિસ્તારોમાં શાંતિ જળવાઈ રહે અને નાગરિકો નિર્ભય બની પર્વની ઉજવણી કરી શકે તે માટે પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ વિશેષ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

બંદોબસ્તની વિગતો જોઈએ તો, સુરત પોલીસે આ વર્ષે અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. જેમાં ૩૬૩ ઉચ્ચ પોલીસ અધિકારીઓ, ૨૫૦૦ પોલીસ કર્મચારીઓ, ૮૦૦ TRB જવાનો, ૧૩૮૦ હોમગાર્ડ અને SRPની ૫ કંપનીઓનો સમાવેશ થાય છે. આટલા વિશાળ કાફલા દ્વારા શહેરના મુખ્ય રસ્તાઓ અને સંવેદનશીલ વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવશે. આ ઉપરાંત ૭ QRT ટીમ, ૧૦ DCB ટીમ અને ૧૦ SOGની ટીમો દ્વારા ખાસ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગ સાથે પોલીસ વિભાગ ૧૫૦ જેટલા ધાબા પોઈન્ટ્સ પરથી સીધું સુપરવિઝન રાખશે. સમગ્ર શહેર પર CCTV કેમેરા અને બોડીવોર્ન કેમેરા દ્વારા સતત સર્વેલન્સ કરવામાં આવશે. આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા માટે PCR વાન, ૧૧૨ સેવા અને બાઈક પેટ્રોલિંગની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે, જેથી કોઈપણ સ્થળે તાત્કાલિક પોલીસ મદદ પહોંચી શકે. પોલીસ દ્વારા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને સુરક્ષા વ્યવસ્થાને વધુ સચોટ બનાવવામાં આવી છે.

સુરત પોલીસે જાહેર જનતાને સાવચેતી રાખવા ખાસ અપીલ કરી છે. પતંગ ચગાવતી વખતે કે લૂંટતી વખતે ઘર્ષણ ટાળવા, નાના બાળકોને અગાશી પર વડીલોની હાજરીમાં રાખવા અને મોબાઈલ સેલ્ફી કે રીલ્સ બનાવવાની ઘેલછામાં અકસ્માત ન સર્જાય તેની કાળજી રાખવા જણાવાયું છે. સાથે જ કોઈની લાગણી દુભાય તેવા ગીતો કે ઉચ્ચારણો ન કરવા પણ તાકીદ કરવામાં આવી છે. પોલીસની આ મહેનત અને જનતાનો સહકાર ઉત્તરાયણને સાચા અર્થમાં સલામત બનાવશે.

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તરાયણ પર્વ પૂર્વે સુરતના તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

## વહેલી સવારે ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાતા ઠંડીની અસર ગાયબ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

મકરસંક્રાંતિ પૂર્વે પવનની ગતિ મંદ પડતા સુરતમાં તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થતા ઠંડીની અસરમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ આજે મંગળવારે તાપમાન ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.આવતીકાલે ઉત્તરાયણ પર્વ હોય પતંગ રસીકોમાં ભારે ઉત્સાહ છવાયેલા છે. આ દરમિયાન આજે વહેલી સવારે તાપમાન બે ડિગ્રીના વધારા સાથે ૧૬.૨ ડિગ્રી નોંધાયું છે.જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૨.૮ જળવાયેલું છે. અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા નોંધાયું છે. જ્યારે ઉત્તર દિશા તરફથી ચાર કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઉત્તરાયણના દિવસે ભેજ પવન ફૂંકાવાની આગાહીને પગલે આવતી કાલે ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે.

# કમ્બોડીયાથી ઓપરેટ થતા સાયબર ક્રાઈમ નેટવર્કના મુખ્ય સૂત્રધાર સહિત બે ઝડપાયા

## સુરત શહેર ક્રાઈમ બ્રાંચ પોલીસને હાથ લાગેલી સફળતા : મુકેશકુમાર સ્વામી અને બાબુલાલ ઉર્ફે પ્રિત જગુરામ કાલેરની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

કમ્બોડીયાથી ઓપરેટ થતી સાયબર ક્રાઈમની ઇલ લિગલ એક્ટિવીટી સાથે સંકળાયેલા મુખ્ય સુત્રધાર પનાસગામ ખેતીવાડી ફાર્મ પાસે આવવાના હોવાની ચોક્કસ બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચના પીએસઆઇ કિર્તીપાલસિંહ પુવારે તેમની ટીમ સાથે વોચ ગોઠવી બે જણાને પકડી પાડ્યા હતા. આરોપીઓની પ્રાથમિક પુછપરછમાં તેમણે કબુલાત કરી હતી કે આરટીઓ એપ્લીકેશન, આધારકાર્ડ અપડેટ તેમજ ઇન્કમટેક્ષ નોટીસના ડોક્યુમેન્ટની લીંક અલગ-અલગ બેંક ધારકોને મોકલી તેમને સાયબર ક્રાઈમનો શિકાર બનાવવામાં આવતા હતા. ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત આ નેટવર્કનો ક્રાઈમ બ્રાંચ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે.

ક્રાઈમ બ્રાંચ પાસેથી મળતી વિગત અનુસાર મુળ રાજસ્થાનના ચુરૂ જિલ્લાનો વતની અને હાલ વેસુ ગ્રીન લીફ ખાતે રહેતો મુકેશકુમાર તારાચંદ સ્વામી (ઉ.વ.૨૫) અને બાબુલાલ ઉર્ફે પ્રિત જગુરામ કાલેર (ઉ.વ.૨૪)એ નવેમ્બર ૨૦૨૪માં તેના મિત્ર દિનેશ મુળચંદ કિલ્કા (જાટ) તેમજ અનિલકુમાર પ્રજાપતિની સાથે મળી સાયબર ક્રાઈમનું નેટવર્ક શરૂ કર્યું હતું. આ ગેંગમાં પાછળથી મિતેશ વિશ્વાસ પાટીલ (રહે. સેજલનગર

અનુસંધાન પાના ૭ પર

# વૃદ્ધના બેંક એકાઉન્ટમાં ૧ રૂપિયો જમા થયો પછી ૫.૬૫ લાખ ડેબિટ

## અડાજણમાં નિવૃત જીવન ગુજારતા વૃદ્ધ સાયબર ફ્રોડ ટોળકીનો શિકાર બન્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

અડાજણ વિદ્યાકુંજ સ્કુલની સામે આવેલા શિવ શક્તિ રો-હાઉસમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા ૬૨ વર્ષિય વ્યક્તિના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના બેંક એકાઉન્ટમાં ૧ રૂપીયો ક્રેડીટ કર્યા બાદ ભેજાબાજે ઓનલાઇન આધેડના ત્રણ અલગ-અલગ એકાઉન્ટમાંથી ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૫.૬૫ લાખ બારોબાર ઉપાડી લઇ સાયબર ફ્રોડ કર્યા અંગેની ફરીયાદ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિરવલ ગામના વતની અને હાલ અડાજણ વિદ્યાકુંજ સ્કુલની સામે શિવ-શક્તિ રો-હાઉસમાં રહેતા બિપિન રામાભાઇ ગરાસીયા નિવૃત્ત જીવન ગુજારે છે. દરમિયાન ગઇ તા.૧૪-૧-૨૦૨૫ના રોજ તેમના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના એકાઉન્ટમાં ૧ રૂપીયો ક્રેડીટ થયો હોવાનો મેસેજ આવ્યો હતો. આ મેસેજ આવ્યા બાદ તબક્કાવાર તેમના બેંક એકાઉન્ટમાંથી કોઇક ભેજાબાજે રૂપીયા ઉંસેટવાનું શરૂ કર્યું હતું. ત્રણ અલગ-અલગ એકાઉન્ટમાંથી થોડા થોડા કરીને રૂ.૫.૬૫ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરી લેવાયા હતા. એલઆઇસીનું પ્રિમીયમ ભરવાનું હોવાથી બિપિનભાઇ ગરાસીયા બેંક પર ગયા હતા અને પાસબુકમાં એન્ટ્રી કરાવતા તેમના એકાઉન્ટમાંથી રૂ.૫.૬૫ લાખ વિડ્રો-ટ્રાન્સફર થઇ ગયા હોવાનું તેમને જાણવા મળ્યું હતું. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હોય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શરત ભંગ કેસમાં કૃતિક ભંડારીના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

અડાજણના હનીપાર્ક વિસ્તારમાં ભાડાકરારની શરતનો ભંગ કરવાના કેસમાં જીમ ટ્રેનર કૃતિક ભંડારીના આગોતરા જામીન સુરત કોર્ટે મંજૂર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, અડાજણ ગામ દરજી મહોલ્લામાં રહેતા મનન પટેલે જીમ ટ્રેનર કૃતિક શશીકાંત ભંડારી (રહે.ભાઠાગામ,પાલ) વિરૂદ્ધ આરોપ હતો કે, અડાજણના જશ લક્ષ્મી કોમ્પ્લેક્ષ સામે ૪૦૬૬ ચોરસ વાર જમીન ભાડે લીધા બાદ સમયસર ભાડું નહી ચૂકવી કૃતિક ભંડારીએ કબજો જમાવી લીધો હતો અને ભાડા કરારની શરતોનો ભંગ કરી દુકાન ભાડે આપી ડિપોઝીટ પેટે રૂ.૯.૩૯ લાખ પડાવી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે મનન પટેલની

અનુસંધાન પાના ૭ પર




# ભેસ્તાનની કુખ્યાત દાલ-ચાવલ ગેંગ સામે ગુજસીટોક ગુનો દાખલ

## ગેંગનો મુખ્ય આરોપી ઈમરોઝ ઉર્ફે દાલ-ચાવલ સહિત ચારની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

ભેસ્તાન ખાતે આતંક મચાવનાર દાલ ચાવલ ગેંગ વિરૂદ્ધ સુરત પોલીસ કમિશનરે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામતા અન્ય સક્રિય થયેલી સંગઠિત ગેંગોમાં ફફડાટ ફેલાયો હતો. ભેસ્તાન પોલીસે દાલ ચાવલ ગેંગના મુખ્ય આરોપી ઈમરોઝ ઉર્ફે દાલ ચાવલ સહિત તેના સાગરિતોની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર અનુપમ સિંઘ ગહલૌતની સૂચનાથી આ ગેંગના મુખ્ય સૂત્રધાર ઈમરોજ ઉર્ફે દાલ ચાવલ અંસારી અને તેના સાગરીતો સલમાન ઉર્ફે લસ્સી, શાહરૂખ અંસારી અને અરબાઝ ઉર્ફે બાબા સહિતના આરોપીઓ વિરુદ્ધ GUJCTOC (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ) હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરવામાં આવી છે.

આ ગેંગ સંગઠિત રીતે સુરતના વિવિધ વિસ્તારોમાં ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ચોરી અને NDPS જેવા ગંભીર ગુનાઓ આચરતી હતી. તાજેતરમાં ભીડીબજાર ખાતે શકીલ ઉર્ફે બાંગાની હત્યા અને અન્ય એક વ્યક્તિ પર જીવલેણ હુમલો કરવાના કેસમાં આ ટોળકીની સંડોવણી ખુલતા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ગેંગના આતંકને ડામવા માટે પોલીસે નામદાર કોર્ટમાં રિપોર્ટ રજૂ કરી કલમ ૩(૧)(૧), ૩(૨), ૩(૪) મુજબ ગુનાનો ઉમેરો કરાવ્યો છે, જેની તપાસ 'જે' ડિવિઝન એસીપીને સોંપવામાં આવી છે.

# ના. મામલતદાર હિનીષા પટેલ આપઘાત કેસમાં પોલીસ તપાસ

## રાંદેર પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદન લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

'ઓલપાડ પ્રાંત કચેરીના નાયબ મામલતદાર હિનીષા પટેલના આપઘાત પ્રકરણમાં રાંદેર પોલીસ દ્વારા પરિવારજનોના નિવદેન લઈ આગળની તપાસ હાથ ધરાશે. ના.મામલતદાર હિનીષા પટેલે નોકરી જતા સમયે જ કરેલા અણધાર્યા પગલાથી અનેક સવાલો પણ ઉઠી રહ્યા છે. રાંદેર પોલીસ દ્વારા ચોક્કસ કારણ જાણવા તપાસ પણ કરવામાં આવી રહી છે.

ગત સવારે રાંદેરના રહેવાસી અને ઓલપાડ પ્રાંત કચેરીના મહિલા નાયબ મામલતદાર હિનીષા પટેલે નોકરીએ જવાના સમયે પોતાના બેડરૂમમાં ફાંસો લગાવી મોતને વ્હાલુ કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક હિનીષા પટેલના પતિ કેતન પટેલ પણ તેમની સાથે જ ઓલપાડ કચેરીમાં પ્રાંત અધિકારીના શિરસ્તેદાર(નાયબ મામલતદાર) તરીકે ફરજ બજાવે છે. નાયબ મામલતદાર પતિ કેતન પટેલ નોકરીએ જવા તૈયાર થઈ ગયા હતા. જ્યારે પત્ની રૂમમાં તૈયાર થવા માટે ગયા હતા. તેજ સમયે હિનીષા પટેલે બેડરૂમનો દરવાજો બંધ કરી રહસ્યમય સંજોગોમાં અણધાર્યું પગલું ભરી લેતા પરિવારજનોમાં અને સુરતના રેવન્યુ વિભાગમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. જ્યારે બે બાળકોએ બાળપણમાં જ માતાની હૂંફ ગુમાવી દીધી હતી.આ ઘટના બાદ મૃતક હિનીષા પટેલ સામે એસીબીમાં નનામી અરજી પણ થઈ હોવાનું સામે આવ્યું હતું. જોકે, તેણીને ક્લીનચીટ મળી હતી. રાંદેર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આજથી મૃતક હિનીષા પટેલના પરિવાજનોના નિવેદન નોંધવામાં આવશે. હજુ સુધી પરિવાર તરફથી કોઈ એલીગેશન કરવામાં આવ્યા નથી.